
'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૧ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥


પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

॥ ॐ ह्रीं अर्हं नमः ॥ नमो वीयरागाय ॥




**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૧ ॥


પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

- **PARAM BHADRANKAR SHRI NAVKAR**

  Personal Diaries comprising of Divine thoughts regarding Shri Navkar Mahamantra and experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

- **VOLUME - 1**

  Year 2023 • સંવત્ ૨૦૭૯ • 500 Copies / 120 Pages • For Private Circulation only.

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
  Mumbai / Vadodara / Rajkot

  team@mindfiesta.com

- **SPONSOR**


  Shri C. K. Mehta
  Vadodara | Mumbai

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  - www.bhadrankar.com
  - www.navkarday.com
  - Amazon Kindle
  - Telegram : HastaksharNuAkshayPatra




**'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથશ્રેણીના ૬૮ ભાગ પૂર્ણ થયાં.**

અક્ષયપાત્રનું વાંચન કરનારા અનેક પુણ્યાત્માઓના ભાવો, આગ્રહ, લાગણી યા મનોરથ એવા હતાં કે આ અક્ષયપાત્રોમાંથી શ્રી નમસ્કાર મહામંત્રને લગતાં પદાર્થો અને ચિંતનો જો નાની-નાની પુસ્તિકાઓ રૂપે પ્રગટ કરાય, તો પરમ પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજીમહારાજ સાહેબના ભદ્રંકર ભાવોનો સીધો સંસ્પર્શ થાય.

આ વિચારને લક્ષ્યમાં રાખીને આ સમગ્ર પ્રકલ્પના અર્થસારથિ અને વડોદરા-મુંબઈના પરમ ગુરુભક્ત સુશ્રાવકરત્ન **સી. કે. મહેતા**ને એ વાત કરતાં તેમણે પણ સહર્ષ અનુમતિ આપી. રાજકોટના અમારા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**એ હસ્તાક્ષરના ૬૮ ભાગમાંથી નમસ્કારના ચિંતનો ચૂંટવાનું ચાલુ કર્યું અને ટૂંક સમયમાં જ લગભગ ૯ ભાગ જેટલું મેટર જૂદું પાડ્યું. જેના એક પછી એક ભાગ **'પરમ ભદ્રંકર શ્રી નવકાર'** રૂપે પ્રગટ થશે, જેમાં સૌ પ્રથમ ભાગ આપ સૌના કરકમળમાં શોભી રહ્યો છે.

સર્વ મંત્રોની જન્મભૂમિ નવકાર છે. મંત્રદેવતાઓ પણ નવકાર વિના પોતાનું રૂપ ધારણ કરી શક્તા નથી. નવકાર જ સર્વ શાસ્ત્રોની ચક્રવર્તી ચાવી છે. એવા અનુપમ ભાવોથી આત્માને સદાકાળ ભાવિત બનાવીએ, એ જ શ્રી વીતરાગ પરમાત્માને પ્રાર્થના.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





# હરખના વરખ સમો
# પઠનયોગ થયો પૂરો,
# હવે કરીએ મંત્રજાપ...



મારા આત્મહિતમિત્ર શ્રી બાબુભાઈ કડીવાલા મને જ્યારે સન્ ૧૯૬૫માં સૌ પ્રથમ વાર રાજસ્થાનનાં બેડા ગામે લઈ ગયાં, ત્યારે પ્રથમ દિવસે જ હિતશિક્ષા આપતાં પૂજ્ય ગુરૂમહારાજે કહ્યું કે: 'શ્રી નમસ્કાર મહામંત્ર એ કોઈ પૌદ્ગલિક અક્ષરો નથી, તે ૬૮ અક્ષરો તો અ-ક્ષર એવા પંચ પરમેષ્ઠી ભગવંતો જ છે, જેનાં સાંન્નિધ્યનો અનુભવ આપણને નવકારની મંત્રજાપ વેળાએ થાય છે.' મેં પ્રશ્ન કર્યો: 'સાહેબજી, નવકારનો જાપ સિદ્ધ થયેલો ક્યારે માનવો?' તેમણે સહસા ઉત્તર અર્પ્યો: 'સાગરમાં રહેલા માછલાંઓને જેમ દશે દિશાઓમાં પાણીનો જ અનુભવ થતો હોય, તેમ ઉપાસકને મંત્રાક્ષર ધ્વનિના મહાસાગરના આંદોલનોનો જ જ્યારે ચારે કોર અનુભવ થાય તથા પંચપરમેષ્ઠીમાં આપણો આત્મા અને આપણા આત્મામાં જ્યારે પંચપરમેષ્ઠી દેખાતાં થઈ જાય, ત્યારે જ નવકાર મહામંત્રનો જાપ સિદ્ધ થયેલ જાણવો.'

'પરમ ભદ્રંકર શ્રી નવકાર' પુસ્તિકામાં પૂજ્ય ગુરૂમહારાજનાં હસ્તાક્ષરોમાં લિખિત તેઓની અનુપ્રેક્ષાઓ વાંચતાં દસે દિશાઓમાં સૌને નવકારનાં ૬૮ અક્ષરોનાં આંદોલનોની જ અનુભૂતિ થાય અને આ માનવભવમાં ખરેખર જ મહામંત્રનો જાપ સિદ્ધ થાય, એ જ મનોકામના સાથે 'પરમ ભદ્રંકર શ્રી નવકાર'ની ૯ લઘુ પુસ્તિકાઓને આવકાર.

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા

# શ્રી નમસ્કાર મહામંત્રનો અપૂર્વ મહિમા

અખૂટ ફળ આપનારું દાન તે નમસ્કાર છે.
'નમો' મંત્ર દ્વારા શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોને અપાતા
સન્માનના દાનના બદલામાં મોટામાં મોટું દાન મળે છે,
જે છે પોતાના શાશ્વત આત્માનું ભાન થવું તે.
'નમો' એ સર્વશ્રેષ્ઠ પુરુષોને આપવામાં આવતા દાનમાં
સર્વશ્રેષ્ઠ દાન છે. સર્વ દાનમાં શ્રેષ્ઠ દાન સન્માનનું છે.
'નમો' એ મનની વિશુદ્ધ દશામાં ગતિ કરાવનાર મંત્ર છે.
અનાહતરૂપ 'નમો' ઉચ્ચારણમાં સરળ, અર્થથી રહસ્યદાર
અને ફળથી ઉર્ધ્વાતિઉર્ધ્વ ગતિમાં લઈ જનાર છે,
તેથી નમસ્કાર મંત્ર એ 'મહામંત્ર' કહેવાય છે.
મન - મંત્ર - પ્રભુ અને દેવ, ગુરુ અને આત્માની
એકતા જેનાથી સધાય છે, તેને જ આપણા
મંત્રશાસ્ત્રમાં 'મંત્રચૈતન્યનો ઉદ્ભવ' થયો કહેવાય છે.
ભવસાગર તરવા - મોક્ષનગરમાં પહોંચવા સેતુ સમાન
નવકારમંત્ર સૌને અનંતમાંથી અનંતમાં લઈ જાય છે.

<u>મનનું બળ મંત્રથી વિકસે છે.</u>

નમસ્કાર એ મનુષ્યની પવિત્રતાની પુંજી છે.
નમવું એ જ માનવ મન - બુદ્ધિનું તાત્ત્વિક ફળ છે.
નમઃ એ દૈવી ગુણ અને આધ્યાત્મિક સંપત્તિ છે.

મનનું બળ મંત્રથી વિકસે છે. મંત્રમાં સૌથી શ્રેષ્ઠ મંત્ર નમસ્કાર મંત્ર છે. તેથી અંતરના શત્રુ કામ, ક્રોધ અને લોભ તથા રાગ, દ્વેષ અને મોહ જીતાય છે. નમસ્કાર મંત્રમાં પાપની ઘૃણા છે અને પાપીની દયા છે. પાપની ઘૃણા આત્મબળને વધારી નમ્રતા - નિર્ભયતા લાવે છે.

નમસ્કાર મંત્ર એ સિદ્ધ મંત્ર છે,
જે મંત્રનો પ્રભાવ આપણા મન ઉપર પડે છે.
મંત્રથી મન-બુદ્ધિ બંને પરમતત્ત્વને સમર્પિત થઈ જાય છે.
પંચ મંગલરૂપ નમસ્કારમંત્ર એ મહાક્રિયાયોગ છે, કેમકે તેમાં બંને પ્રકારનો તપ, પાંચે પ્રકારનો સ્વાધ્યાય અને
સર્વોત્કૃષ્ટ તત્ત્વોનું પ્રણિધાન રહેલું છે.
નવકાર યાને નિત્ય પ્રતિષ્ઠિત નૂતનત્વ બઢતું અમૃત.

## 'નમો' પદમાં રહેલ અમૃતક્રિયા

'નમો' એ વિસ્મય, પુલક અને પ્રમોદસ્વરૂપ છે.
ભવભયનો સૂચક પણ 'નમો' પદ છે.
'નમો' પદથી શાન્તિ, તુષ્ટિ અને પુષ્ટિ મળે છે.
'નમો' પદમાં ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન - ત્રણે ય
સાથે રહેલાં છે. આ નમસ્કાર મહામંત્ર એ જીવનમાં
ઉત્તમ પરિવર્તન આણનાર સર્વશ્રેષ્ઠ મહામંત્ર છે.

## સાત અક્ષરનો મંત્ર 'નમો અરિહંતાણં'

આ મંત્ર મોક્ષપ્રાપ્તિ માટે સર્વશિરોમણી મંત્ર કહ્યો છે,
કેમકે તે ગુરુભક્તિનો મંત્ર છે.
'પોતાના માથે ગુરુ છે' એમ માનનાર વ્યક્તિ
આપોઆપ નમ્ર અને નિરહંકારી રહે છે.

## નમસ્કારનો પર્યાય અહિંસા, સંયમ અને તપ છે.

આ નવકારમંત્રની આરાધનાને સફળ બનાવવામાં સહાયક
બે મુખ્ય ભાવનાઓ છે:
'ખામેમિ સવ્વ જીવે।' 'શિવમસ્તુ સર્વ જગતઃ।'

## 3 નવકાર શા માટે?

કાયશુદ્ધિ માટે પ્રથમ નવકાર કુદરતને અનુકૂળ કરવા,
વચનશુદ્ધિ માટે બીજો નવકાર કાળને જીતવા અને
મનશુદ્ધિ માટે ત્રીજો નવકાર કર્મને ખપાવવા ગણવો.
આમ કુદરત, કાળ તથા કર્મને યાદ કરી 3 નવકાર ગણવા.

## નમસ્કાર વડે બોધિ અને નિરૂપસર્ગ

'નમો' એટલે વંદન, પૂજન, સત્કાર અને સન્માન. તેના પરિણામે બોધિ અને નિરૂપસર્ગ અવસ્થા પ્રાપ્ત થાય છે.

અરિહંતોનો ઉપકાર ગુણપ્રકર્ષ વડે આદર્શરૂપ,
માર્ગદર્શકતાથી પ્રેરણારૂપ, માર્ગરૂપતાથી આલંબનરૂપ છે.

આલંબન માટે દર્શન - પૂજનાદિ,
પ્રેરણા માટે શાસ્ત્ર - આગમાદિ, આદર્શ માટે ઘોર તપશ્ચર્યાદિ.

## જપના 23 પ્રકાર

3 પ્રણિધાન, 3 મુદ્રા, સ્થિરીકરણ, સ્મૃતિ, લક્ષ્ય, નાદ, ધ્યાન, ધ્યેયૈક્ય, તત્ત્વચિંતન. આમ જપના 23 પ્રકારોમાં હઠ, મંત્ર, લય, રાજ - આમ ચારે યોગો સમાવિષ્ટ છે.

## એક લાખ નવકારની વિધિ / પ્રબોધદીપિકા ટીકા નવકાર

પ્રાતઃ શ્રી મૂલનાયકસ્ય સ્નાત્રં પૂજાં ચ કૃત્વા પઞ્ચશક્રસ્તવૈર્દેવાન્ વન્દિત્વા પઞ્ચપરમેષ્ઠિ આરાધનાર્થં ૨૪ લોગસ્સ - કાયોત્સર્ગં કૃત્વા પઞ્ચપરમેષ્ઠીનાં પઞ્ચપ્રતિમાં મંડયિત્વા વાસકર્પૂરાદિના પૂજા ક્રિયતે, તતો નમસ્કારઃ ગણ્યતે, તજ્જાપે પઞ્ચપરમેષ્ઠિનઃ પઞ્ચ વર્ણા ધ્યાયન્તે । જાપે પ્રતિનમસ્કારં દેવસ્ય તિલકં (૧) પુષ્પ ચઢાપનં (૨) વાસક્ષેપઃ (૩) ધૂપોદ્ગ્રાહનં (૪) દીપકરણં (૫) ચોક્ષ ઢૌકનં (૬) જયતીતિકરણં (૭) સહસ્ર પૂર્ણે જાતે પૂગ ઢૌકનં (૮) સંપત્તૌ માંગલિક ફલદાનં દેવવંદનં ચ ।

સંધ્યાયાં ગુણનમોચને પઞ્ચશક્રસ્તવૈઃ દેવા વંદ્યન્તે ।

પંચપરમેષ્ઠી આરાધનાર્થં ૨૪ લોગસ્સ કાયોત્સર્ગઃ । મોચને 'અવિધિ આશાતના હૂઈ તે મનવચનકાયાએ કરી મિચ્છામિ દુક્કડં' ઇતિ વાચ્યં યથાશક્તિ નિર્વિકૃત્યા ચામ્લાદિ તપઃ કાર્યં સ્ત્રિયઃ સંઘટ્ટા(ગા)દ્યપિ ત્યાજ્યઃ,

સ્ત્રિયા પુરુષસ્ય ઇતિ નમસ્કારલક્ષજાપવિધિઃ ।

## એક લાખ નવકાર જાપનું ફળ

પરમપદની પ્રાપ્તિનું કારણ નવકારમંત્ર જ છે.
જ્યાં જ્યાં એક નવકારનો જાપ થાય છે,
ત્યાં ત્યાં કલ્યાણકારી વાતાવરણ તુરંત જામે છે.
આત્મવિશુદ્ધિ માટે નવકારમંત્ર એ સર્વોત્તમ સાધન છે.
જીવનમાં આવા એક નવકારની આરાધના એ
આંતરધન પ્રાપ્ત કરવાનું અપૂર્વ સાધન છે.
જગતના કરોડો પ્રકારના લાભો
આ એક લાખ નવકાર જાપની પાસે તુચ્છ છે.

: આચાર્ય સિદ્ધસેનના વચન મુજબ :

'આ નવકાર મહામંત્ર એ લૌકિક નથી,
પરલોકના સર્વ પ્રકારના સુખ આપનાર કામધેનુ છે.'
પંચ મહાવિદેહ ક્ષેત્રોમાં જ્યાં એક પ્રકારનો શાશ્વત
સમય રહે છે, ત્યાં પણ નવકારમંત્રના જાપ થાય છે.
૫ ભરતક્ષેત્ર તથા ૫ ઐરાવત ક્ષેત્રોમાં પણ
પરમ સુખ આપનાર આ મહામંત્ર જ છે.

## ૨૧ દિવસ સુધી ત્રણ સંધ્યાએ ૧૦૮ નવકાર

ત્રણ સંધ્યાએ ૧૦૮ નવકાર નિયમિત ૨૧ દિવસ
સુધી ગણવાનો પ્રયત્ન કરવા છતાં ૨૧ દિવસ પૂરાં થઈ
શકતાં નથી. જો થઈ શકે તો સંપૂર્ણ સિદ્ધિ મળે છે.

ત્રિકાળ સંધ્યા સમયે કદાચ ભૂલી જવાય,
તે ખાતર સવારની સંધ્યાએ ત્રણ માળા ગણી લેવી અને
પછી બંને સંધ્યાએ પણ ગણવી.

કોઈ વખત રહી જાય, તો
રાત્રિના ૧૨ વાગ્યાની સંધ્યાએ પણ માળા ગણવી.

ત્રણ સંધ્યાનું મહત્વ કાળની દ્રષ્ટિએ ઘણું છે.
તે વખતે કાળતત્ત્વની પણ સહાય મળે છે.

નવકાર મંત્રની શક્તિ અચિન્ત્ય છે.
અન્ય મંત્રો કરતાં તેનામાં force વધારે છે.
નાના મંત્રો ફળે છે તુરંત પણ તેમાં શક્તિ પરિમિત છે.
નવકાર મંત્રનાં અક્ષરો અધિક છે,
તેથી તેનાં જાપની સંખ્યા ઓછી થાય છે,

અર્થાત્ ફળ મળતાં વિલંબ થાય છે, પરન્તુ તે પરિપૂર્ણ ફળને આપે છે, તેથી તેને જ અપનાવવો જોઈએ.
શ્રી નવકાર મહામંત્રનો આરાધક અર્થાત્ શ્રી તીર્થંકર ભગવંતનો દાસ, ભગવંતના દાસનો પણ દાસ, સકલ જીવના હિતનો ચિંતક, પોતાના અપરાધી કે વિરોધી પ્રત્યે પણ મનથી યા સ્વપ્નમાં ય અહિત ચિંતવનાર ન હોય.
સર્વેનું કલ્યાણ વાંછનાર હોય.

શ્રી નવકારમંત્રના આરાધક થવા માટે સર્વને હૈયામાં સમાવવા જેટલું વિશાળ હૈયું કરવું પડશે.

નવકારમાં તન્મય થવું અર્થાત્ નવકારના બનવું,
નવકાર વિના વિહ્વળ થવું,
અક્ષરમાત્રથી હૈયું ભીંજાઈ જવું.

નવકારના અક્ષરમાત્રથી હૈયું ક્યારે ભીંજાય?
શ્રી તીર્થંકર દેવોની વિશિષ્ટતા ધ્યાનમાં આવે તો.
'નમો' મંત્રમાં નવધા ભક્તિ રહેલી છે.
નવકારમાં યોગનાં આઠે ય અંગ રહેલ છે.

નવકાર મંત્ર એ પરમાત્માની કરુણાનો સ્વીકાર છે.

નવકાર એ ધ્યાનનું પણ ધ્યાન છે.

સમ્યગ્દૃષ્ટિ મહાપુરુષોના ઉત્કૃષ્ટ ધ્યાનનું
ધ્યાન અને સ્મરણ નવકારનાં પદોનું થાય છે.

શ્રી નમસ્કારમંત્રના પ્રથમ ૫ પદોમાં ભેદથી નમસ્કાર છે,
છઠ્ઠા પદમાં અભેદથી નમસ્કાર છે.

'નમો' એ સર્વ ગણધર ભગવંતોનું પ્રતીક છે.
ગણધરો આચાર્ય, ઉપાધ્યાય અને પરમ સાધુ સ્વરૂપ છે
'અરિહંતાણં' પદ સર્વ તીર્થંકર ભગવંતોનું પ્રતીક છે.

શા માટે નવકારમંત્રમાં અરિહંત પહેલાં, સિદ્ધ પછી?
વેરવિરોધનો ત્યાગ પહેલો - આત્મસ્વરૂપની સિદ્ધિ પછી.
પહેલાં મૈત્ર્યાદિભાવો, પછી આત્માનું ધ્યાન છે.

નમસ્કાર મહામંત્ર ક્યારથી છે?

જગતની જેમ નવકાર પણ અનાદિથી છે.
ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની જેમ નવકાર શાશ્વત છે.
નવકારના અક્ષરો નહીં, એની સંયોજના શાશ્વત છે,

તે સાક્ષાત્ અક્ષરમયી દેવતાઓ છે, જ્યોતિષ પુંજો છે, માટે એનો આશ્રય લઈને એનું વિધિપૂર્વક શ્રવણ કે સ્મરણ કરનાર સર્વદા સુરક્ષિત રહે છે.

આગમગ્રંથોમાં જણાવ્યા મુજબ નવકારના જુદા જુદા જાપ કરવાથી નીચે મુજબ પાપનો નાશ થાય છે:

नवकार इक्क अक्खर, पावं फेडेइ सत्तअयराणं ।
पन्नासं च पएणं, सागर पणसय समग्गेणं ॥

(૧) આ મંત્રનો એક અક્ષર ૭ સાગરોપમનું પાપ નાશ કરે.
(૨) આ મંત્રનું એક પદ ૫૦ સાગરોપમનું પાપ નાશ કરે.
(૩) મંત્રનો પૂરો જાપ ૫૦૦ સાગરોપમનું પાપ નાશ કરે.
(૪) આ મહામંત્રની એક બાંધી નવકારવાળીનો જાપ ૫૪૦૦૦ સાગરોપમનું પાપ નાશ કરે છે.
(૫) એક લાખ નવકારનો વિધિપૂર્વક જાપ કરવાથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન થાય છે.

जो गुणइ लक्खमेगं, पूएइ विहीइ जिणनमुक्कारं ।
तित्थयरनामगोअं, सो बंधइ नत्थि संदेहो ॥

(૬) અર્હદ્ કમળમાં ૧૦૮ વાર ચિંતન કરીએ, તો ઉપવાસનું ફળ મળે છે.

(૭) આઠ કરોડ, આઠ લાખ, આઠ હજાર, આઠસો આઠ નવકારના જાપથી શાશ્વત સ્થાન મોક્ષ પ્રાપ્ત કરે છે.

अट्ठेव य अट्ठसया, अट्ठसहस्स अट्ठलक्ख अट्ठकोडीओ ।
जो गुणइ भत्तिजुत्तो, सो पावइ सासयं ठाणं ॥

(૮) 'અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય સાહૂ' આ મંત્રજાપ ૨૦૦ વાર કરે, તો ઉપવાસનું ફળ મળે. પંચ પરમેષ્ઠિના નામથી ૧૬ અક્ષરની વિદ્યા બને.

(૯) 'અરિહંત સિદ્ધ'ના ૩૦૦ વાર જાપ કરવાથી તથા 'અરિહંત'ના ૪૦૦ જાપથી ઉપવાસનું ફળ મળે.

(૧૦) 'અ'ના ૫૦૦ જાપ કરે તો ઉપવાસનું ફળ મળે.

o જન્મ સમયે કર્ણયુગલમાં નવકાર સંભળાવવાથી બાળકને જીવનમાં રિદ્ધિ - સિદ્ધિ મળે છે.

o સૂતાં - ઉઠતાં - હંમેશા ભાવપૂર્વક નવકાર ગણવાથી દુઃખ - દર્દ અવશ્ય નાશ પામે છે.

o તેમાં કોઈ શંકા નથી કે:

જે વિધિપૂર્વક નવકારમંત્રના ૧ લાખ જાપ કરે,

તે તીર્થંકર નામગોત્ર અવશ્ય બાંધે છે.

o આ મંત્રસ્મરણથી આત્મામાં વીતરાગભાવ વિકસે છે.

o નવકાર બોલવાથી ૬૮ તીર્થયાત્રાનું પુન્ય મળે છે.

o નવકારમંત્ર સદ્બુદ્ધિ, સદ્વિચાર, સત્કર્મો આપે છે.

o અટવી, પર્વત, અરણ્યમાં આ જાપ પરમશાંતિ આપે છે.

o આ મંત્રસ્મરણ આઠ કર્મોનો નાશ કરનાર છે.

o નવકારના એક એક અક્ષરના ઉચ્ચારણમાં

અનંતાનંત કર્મોનો ઘાત થાય છે.

o નવકાર મહામંત્ર સ્વયંસિદ્ધ હોવાથી

તે અનિષ્ટનો નાશ કરનાર સુદર્શનચક્ર છે.

o નવકારના શુભમંગલ પ્રભાવથી

ડાકણ, વેતાળ, રાક્ષસ, અગ્નિ, ચોર વગેરેનો ભય રહેતો નથી.

o મૃત્યુ વખતે ભાવપૂર્વક નવકારનો જાપ કરવાથી

પરલોકમાં અવશ્ય સારી ગતિ મળે છે.

# નવકારના જાપથી પરમપદ

આ મહામંત્રના જાપ મહાસ્ફુરણાયુક્ત છે.
ક્ષુદ્ર - પાપની વિશેષતા જાણનાર જીવ
આ મંત્ર માટે યોગ્ય છે.
અનાહતયુક્ત એનું વિચિન્તન કરવાનું હોય છે.
સઘળી ઈંદ્રિયોને ભ્રૂમધ્યમાં કેન્દ્રિત કરીને
જે ચિન્તન થાય, તે 'વિચિન્તન' છે.
કમળબંધથી, ત્રિકરણ શુદ્ધિથી અથવા
બિન્દુનવકથી પણ નવકારનો જાપ થઈ શકે.
પ્રણવ પરમેષ્ઠિમય છે, રત્નમય છે, સર્વતોભદ્રમય છે.
<u>૧૨ માસ પર્યન્ત જે રોજ બાર હજાર પ્રણવનો જાપ</u>
<u>કરે તે દ્વાદશાંત પદને પામે, પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરે.</u>
<u>ત્રણે સંધ્યાએ બાર - બાર વાર જાપ કરે, તે પરમપદ પામે.</u>
'નવકાર ચૌદ પૂર્વનો સાર છે;'
એ શાસ્ત્રવચન પ્રશસ્તિરૂપે નહિ, પરંતુ
હકીકત કે Scientific formula રૂપે દેખાય છે.

## 'નવકાર મંત્ર' હેતુ અને ઉપાય

### મંત્રના આઠ પ્રકાર

(૧) શાંતિમંત્ર તરીકે નવકાર ગણવાથી પાપની શાંતિ થાય.
(૨) પૌષ્ટિકમંત્ર તરીકે નવકાર ગણવાથી પુણ્યપ્રાપ્તિ થાય.
(3) આકર્ષણમંત્ર તરીકે નવકાર ગણવાથી સ્વર્ગ - અપવર્ગ સમીપ આવે.
(૪) વશીકરણમંત્ર તરીકે નવકાર ગણવાથી મોક્ષ સમીપ આવે.
(૫) સ્તંભનમંત્ર તરીકે નવકાર ગણવાથી દુર્ગતિ દૂર રહે.
(૬) મોહન - વિદ્વેષણમંત્ર તરીકે નવકાર ગણવાથી મોહનું નિરસન થાય.
(૭) ઉચ્ચાટનમંત્ર તરીકે નવકાર ગણવાથી કર્મનિર્મૂલ બને.
(૮) મારણમંત્ર તરીકે નવકાર ગણવાથી મરણનું જ મારણ થઈ શાશ્વતપદ મળે.

નવકાર દૃષ્ટિવાદની ચાવી છે,
તેથી નવકાર દ્વારા જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.
નવકાર એ અનાદિકાળની સુષુપ્ત આંતરદૃષ્ટિનો ઉઘાડ છે.

આપણને નવકારમંત્ર એવો બોધ કરાવે છે કે:
પોતાની જાત આઠ કર્મથી બંધાયેલી છે.
કર્મના આવરણ નીચે જે શુદ્ધ સ્વરૂપ રહેલું છે,
તે અરિહંત અને સિદ્ધ છે.
જ્યાં સુધી હું કોઈનું ઉપકાર છું એવો ખ્યાલ ન આવે,
ત્યાં સુધી માનવદુઃખનો ભાર જરા ય ઓછો થતો નથી.
નમસ્કાર એટલે દાસત્વ, સમર્પણ, આત્મદાન તથા
સ્વામી પ્રત્યે સેવકનો સમર્પણભાવ.
મનુષ્ય પોતાની પ્રકૃતિ તેમાં જ શોધે છે.
શાસ્ત્રકાર ભગવંતોએ સર્વ દૃષ્ટિથી જોઈ-જાણીને
નવકાર મંત્રનું માહાત્મ્ય દર્શાવ્યું છે.
બધાં શાસ્ત્રો આત્મલાભ કરાવવા માટે છે અને
એ જ કાર્ય નવકાર મંત્રથી પૂર્ણ થાય છે, તેથી
તેને બધાં શાસ્ત્રોનો સાર કહ્યો છે, તે યથાર્થ છે.
નવકાર વડે જે દેવ-ગુરુનું શરણ સ્વીકારાય છે, તે
અચિન્ત્ય પ્રભાવવાળું હોવાથી જીવને નિર્ભય બનાવે છે.

નવકાર અહીં કાળમાં છે અને અહીં કાળ નવકારમાં છે.

કાળચક્ર પર ફરનારા પ્રભુ નવકારમાં છે અને

નવકાર એ કાળચક્ર પર ફરનારા સર્વ જીવોમાં છે.

કાળને control કરવાનું switch board

નવકાર મહામંત્રમાં છે.

નવકાર મંત્રના જુદા - જુદા પદો વડે

timeના જુદા - જુદા aspects સરળતાથી

control and sublime થાય છે.

નવકાર વડે Time, space and objectivity

(સજાતીય, વિજાતીય, સ્વગત) સર્વ કંઈ કાબુમાં આવે છે.

નવકાર એટલે વિનય. વિનય એટલે કૃતજ્ઞતા.

કૃતજ્ઞતા એટલે પ્રાપ્ત સર્વનો gifts રૂપે સ્વીકાર.

આ નવકાર મહામંત્ર એટલે ચૈતન્યનો ઝરો અને

'નમો અરિહંતાણં ।' એટલે...

ભાવશત્રુઓનો નાશ કરનારને તથા

શત્રુભાવનો સમૂળ નાશ કર્યો છે, તેમને હું નમું છું.

## 'નમો' પદનો અર્થ તથા મહત્વ

પરપીડાને ત્યાજ્ય માનવા અને તેમાંથી મુક્ત થવા પ્રયાસ
કરવા તેની ગર્હા કરવી, તે 'નમો' પદનો અર્થ છે.
હું એટલા માટે નમું છું કે બીજાને પીડા આપીને જીવું છું.
'નમો અરિહંતાણં' એ ધ્યાતાનો સંકલ્પ સૂચવે છે.
'અરિહંતાણં નમો' એ ધ્યેયનો સંકલ્પ જણાવે છે.
જેમ ૧૪ પૂર્વોનો સંક્ષેપ નવકારમાં છે,
તેમ નવકારના પાંચે પરમેષ્ઠિઓના સર્વ દ્રવ્યો અને
સર્વ પર્યાયોનો સંક્ષેપ આત્મામાં કરવાનો છે.
નવકાર મંત્રના પહેલાં 'નમો' પદ વડે
એક બાજુ નમ્રતા - વિનય ગુણ કેળવાય છે અને
બીજી બાજુ નિર્ભયતા - નિશ્ચિંતતા ગુણ વિકસે છે.
જો તેના અર્થની ભાવનાપૂર્વક 'નમો' પદ બોલાય તો
એક જ 'નમો' પદ વડે આપણાં દુષ્કૃતોની નિંદા તથા
અરિહંત પરમાત્માદિ પાંચે પરમેષ્ઠિ ભગવંતોના
સુકૃતોની અનુમોદના થાય છે.

તે જો ધ્યા વડે આપણા આત્માના શુદ્ધસ્વરૂપનું શ્રદ્ધા સહિત સ્મરણ - ધ્યાન વગેરે સતત સાધ્ય બને છે.

ભારણ, દ્વિ. જ્યેષ્ઠ સુદ ૬, સોમવાર

## શ્રી નમસ્કાર મહામંત્ર પદ વિષયક

**શ્રી આદિનાથ ભગવંતના દર્શન કરતાં થયેલ સ્ફુરણા:**

નમો = ગૌતમ ગણધર.

અરિહંતાણં = ભગવાન મહાવીર.

'નમો અરિહંતાણં' એ પદ

તીર્થંકર ભગવંતો અને ગણધર ભગવંતો જે ભાવથી સ્મરણ કરતાં હતાં, તે ભાવને પ્રત્યક્ષ કરાવનારું પદ છે.

નવકારને મન સોંપી સૌ પરાધીનદશાનો પાર પામીએ.

**નમસ્કાર મહામંત્રના આરાધક બનવા માટેની પૂર્વતૈયારી**

જ્ઞાન એ આત્માનો મુખ્ય ગુણ છે.

તે જ્ઞાનના પાંચ પ્રકાર છે:

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ તથા કેવળજ્ઞાન.

તેમાં શ્રુતજ્ઞાન એ સ્વપરપ્રકાશક હોવાથી મુખ્ય છે.

શ્રુતજ્ઞાન એ ચૌદ પૂર્વ, ૧૨ અંગ સ્વરૂપ તથા સાગર જેટલું વિશાળ છે. દેવસહાય થકી જો ભુજાઓ દ્વારા સ્વયંભૂરમણ સાગરનો પાર પામવો હજુ ય શક્ય છે, પરંતુ દેવ અને ગુરુની ભક્તિ વિના પોતાના પ્રયત્નથી શ્રુતસાગરનો પાર પામવો અશક્ય જ છે.

શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે:

દેવ - ગુરુને પ્રણામ એ જ શ્રુતસાગરને પાર પામવાનો ઉત્તમ ઉપાય છે. તે દેવ - ગુરુને પ્રણામ નમસ્કાર મંત્ર વડે થાય છે, તેથી ગુરુ પાસે વિધિપૂર્વક ગ્રહણ કરીને તે મંત્ર ભણવો તથા તે ગ્રહણ કરવા માટે ઉપધાન તપ કરવો જોઈએ. આજે નવકાર મંત્રના ઉપધાન થાય છે, તેમાં ૧૮ દિવસ સુધી ગુરુનિશ્રાએ પૌષધમાં રહી ૧૨।। ઉપવાસના તપની સાથે રોજ બે વખતના પ્રતિક્રમણ, પ્રતિલેખન, ત્રણ વખત દેવવંદન, ૧૦૦ લોગસ્સનો ઉભા ઉભા કાયોત્સર્ગ અને ૧૦૦ ખમાસમણ, ગુરુવંદન, વ્યાખ્યાનશ્રવણ આદિ શાસ્ત્રોક્ત ક્રિયા કરવી પડે છે.

તેટલી તપ કરવાની શક્તિ આદિ જેનામાં ન હોય, તો તે તપ કરવાની ભાવના હૃદયમાં રાખીને જ નવકાર મંત્ર ગણી શકાય છે અને જ્યારે પણ શક્તિ-સામગ્રી મળે, ત્યારે તે તપ પૂર્ણ કરી આપવાની તૈયારી રાખવી પડે છે.

આ બધું શા માટે? શ્રુતજ્ઞાનની આરાધના માટે.

શ્રુતજ્ઞાન ન ભણી શકે તેને પણ દ્વાદશાંગના સારરૂપ નમસ્કાર મંત્રને ભણવા દ્વારા શ્રુતજ્ઞાનના આરાધક બનવા માટેની સરલ સામગ્રી શાસ્ત્રકારોએ બતાવી છે.

તે સામગ્રીમાં ઉપધાન તપ પણ છે.

નવકાર મંત્રમાં એવું શું છે કે જેણે તેને
ચૌદ પૂર્વ અને બાર અંગનો સાર કહી દીધો?

તેમાં દેવ-ગુરુને સાચા ભાવથી પ્રણામ છે.

તે નમસ્કાર કરનાર સંસારસાગરના પારને પામી જાય.

રોજ ૨૦૦૦ નવકાર મંત્રનો જાપ
લાગલાગટ ૬૮ દિવસ સુધી થયાં પછી
જીવ નમસ્કાર મંત્રનો સાચો અધિકારી બને છે.

સંસારસાગર ગમે તેટલો ભયંકર હોય, પરન્તુ
જેની પાસે નમસ્કાર છે, તેને તે કાંઈ ન કરી શકે.

નમસ્કારમાં આટલું બધું સામર્થ્ય શાથી?

એ સામર્થ્ય જેને નમસ્કાર કરવામાં આવે છે,
તે દેવ-ગુરુમાં છે. અરિહંત અને સિદ્ધ એ દેવ છે,
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ગુરુ છે.
દેખે તે દેવ અને દેખાડે તે ગુરુ.

આપણા આત્માનું શુદ્ધ સ્વરૂપ દેખાડનાર ગુરુતત્ત્વ છે.
આપણા આત્માનું શુદ્ધ સ્વરૂપ પમાડનાર દેવતત્ત્વ છે.

શાસ્ત્રો કહે છે: *Know thyself* – આત્માને ઓળખો.
જેણે આખા જગતને ઓળખ્યું, પોતાને ન ઓળખ્યો,
તેણે કાંઈ જ ઓળખ્યું નહિ.

'નમો' છે હોડી જે અરિહંતપ્રભુની સમીપ લઈ જનારી
અને 'નમો અરિહંતાણં' પદ એ
શિવમસ્તુ સર્વ જગતઃનો પર્યાય છે.
એક ગૂઢ છે, બીજું સ્પષ્ટ છે.

## 'નમો' પદના સાધકને...

'નમો' પદથી નમસ્કાર કરનાર સાધકનું ઉત્તમાંગ અને 'અરિહંતાદિ' પદો વડે પરમેષ્ઠિ ભગવંતોના કનિષ્ઠાંગની કલ્પના કરીને થતું સ્મરણ આત્મશુદ્ધિ અને પાપનાશનું અમોઘ સાધન બને છે.

પૂજ્ય તત્ત્વોનાં સ્મરણ - આસ્મરણ - આદિમને પૂજકના મસ્તકનો, હાથનો, ચરણનો માનસિક સંબંધ પણ ભાવોત્પાદનમાં અપૂર્વ કાર્યસાધક બને છે. પાંચ વખત 'નમો' પદના ઉચ્ચારણની સાથે બન્ને અવયવોનો સંબંધ થતો રહે અને 'એસો પંચનમુક્કારો'ના ઉચ્ચારણ વખતે એ પાંચે વખતે હાથનાં સંબંધની ક્રિયાનું સ્મરણ થતું રહે તો પાપનાશ અને મંગળનું આગમન ઘણું ઝડપથી થતું અનુભવાય. દ્રવ્યનમસ્કારને ભાવનમસ્કારમાં પલટાવવાનું બાળું સાધન અરિહંત, સિદ્ધાદિ પાંચે વસ્તુનું, તેઓના પ્રભાવનું અને સ્વરૂપનું સૂક્ષ્માતિસૂક્ષ્મ ચિંતન છે. એ પાંચેનું અસ્તિત્વ વિશ્વમાં શુદ્ધિનું અપૂર્વ કાર્ય કરે છે.

## ૬૮ અક્ષરોમાં સમગ્ર માતૃકા કઈ રીતે?

પ્રાકૃત ભાષાના નિયમ મુજબ
નવકારના ૬૮ અક્ષરોમાં
સમગ્ર માતૃકા આવી જાય છે.
સ્વરમાળા સાક્ષાત્ આવી જાય છે અને
વ્યંજનમાં ટ, ઠ, ડ ને ઢ, ણ માં રૂપાંતર કરીને
આગળ ત, થ, દ માં રૂપાંતર કરીને આવી જાય છે.
શ્રી નવકાર એ ભાવજોડાણનું અનન્યતમ માધ્યમ છે.
શ્રી નવકાર જાપ વડે કથીર સરખા 'હું'નો
કંચન સરખા 'અર્હં'માં રૂપાંતર થાય છે.
તાંબાનો જેમ સોનાનો સંબંધ તરવામાં સહાયભૂત થાય છે,
તેમ આરાધકનો જગતના જીવો સાથેનો
ભાવસંબંધ ભવસાગર તરવામાં સહાયભૂત થાય છે.
'જગતના જીવો દ્રવ્યદૃષ્ટિએ સમાન છે' એમ જોવા અને
'પંચપરમેષ્ઠિઓ ભાવદૃષ્ટિએ અધિક છે' એમ જોવું.
નવકારમાં બંને વસ્તુ સંગ્રહીત છે.

જેમ જેમ હૃદય શુદ્ધ બને, તેમ તેમ અપવિત્ર વિચારો દૂર ખસે છે અને પવિત્ર વિચારોનો કિલ્લો નિર્માણ થાય છે. પાપનું કુંડાળું બંધ અને પવિત્ર કુંડાળું નિર્માણ થવાથી 'સવ્વપાવપ્પણાસણો' થાય છે. આ વસ્તુના અનુભવ પછી આપણા ચારેબાજુ 'નમો અરિહંતાણં'નો ધ્વનિ સંભળાશે. એ પછી એકાગ્રતા આવશે. આને 'પ્રાથમિક અવસ્થા' કહે છે. હૃદયમાં કમળની કલ્પના કરી તેમાં નવકારને સ્થાપો. તે માત્ર પાપનો નહિ પણ પાપી વિચારોનો નાશ કરે છે. અરિહંતના ૧૨ ગુણ છે, તો હૃદયમાં ૧૨ વખત તો તે શબ્દો જરૂર વાંચવા. જપ કરતાં ધ્યાનમાં હજારો ગુણા તાકાત રહેલ છે. અક્ષરો સફેદ તથા તેજસ્વી વાંચવા.

હૃદયમાં તે અક્ષરો લખ્યા છે તેમ કલ્પવું.

o

## નમસ્કારનો અર્થ અંગ્રેજીમાં

I am nothing, you are everything.
I am not in me, but in thee.

'નમો' એટલે જવભાવમાં રહેવું અને

'નમો અરિહંતાણં |' એટલે...

અરિને હણનારા, અરિતાને હણનારા, મૈત્રીભાવને પામેલા તથા કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ્યભાવને વરેલા મહાસત્ત્વોને પ્રણામરૂપ છે. વિશ્વની સ્થિતિ-રક્ષણ-પોષણ તે મહાસત્ત્વોના પરમ સાત્ત્વિક ભાવનાબળથી થાય છે.

પરમેષ્ઠિ નમસ્કાર મૈત્રીભાવને વિકસાવે છે, વિષયાસક્તિને ટાળે છે, વિષયવિરક્તિ કષાયને રોકે છે. પરમેષ્ઠિઓનો નમસ્કાર વિષયો અને કષાયોને રોકે છે, એ એનું પાપનાશકપણું છે.

પરમેષ્ઠિ નમસ્કાર મંત્રને પોષે એ પ્રથમ મંગલપણું છે.

અહીં મંત્ર એ સાક્ષાત્ મંગળ છે અને પરમેષ્ઠિઓ તેના કારણ છે, તેથી મંગળનાં કારણ છે. તત્ત્વતઃ પ્રેમ એજ મંગળ છે. જ્ઞાન એજ મંગળ છે. પ્રેમ અને જ્ઞાનમાં વપરાતી શક્તિ એજ મંગળ છે. આ અનાદિ શાશ્વત મંત્ર આત્માનો સમોવડીઓ છે.

શ્રી જીરાઉલા પાર્શ્વનાથ તીર્થ, 18-3-1961
સં - ૨૦૧૭, ચૈત્ર સુદ ૧-૨, શુક્ર - શનિ

નવકાર સર્વ પાપનાશક છે, તેમાં કારણ
ચૈતન્ય ઉપરનો પ્રેમ અને જડ પ્રત્યે વૈરાગ્ય છે.
ખરી દીનતા વિના પુરેપુરું અભિમાન દૂર થઈ શકતું નથી.
'નમો' એ દીનતા વાચક પદ છે,
તેથી તે ધર્મની પહેલી ચાવી છે.
નવકાર મંત્રથી સંપૂર્ણ સમાધિ મળે છે.
સમાધિ જીવનનો સાર છે, પ્રત્યક્ષ લાભ છે,
સદ્ગતિનો દૂત છે, વીતરાગતાની નિઃસરણી છે.
માટે નમસ્કાર સ્મરણ દ્વારા સંપૂર્ણ કમાણી થાય છે.
આત્મસમદર્શિત્વ અને પરમાત્મસમદર્શિત્વ લાવીને
સિદ્ધિ કરવાના પ્રયોજનપૂર્વક નવકાર ગણવા, તેથી
પાપના મૂળનો નાશ થાય છે - મંગળના મૂળ પોષાય છે.
'નમો' કૃતજ્ઞતાનું - 'અરિહંત' એ પરોપકારનું પ્રતીક છે,
તેથી મંગલ કલ્યાણકર, પુણ્યસંચયરૂપ, પાપનાશક છે.

નવકારમાં દ્રવ્ય અને ભાવકરુણાને નમસ્કાર છે.
જે કરુણાને નમસ્કાર કરવાથી મહાફળ થાય છે,
તે કરુણાને સ્વયં જીવનમાં જીવવાથી કેટલો લાભ થાય,
તેનું માપ કોણ કાઢી શકે?

નવકાર એ...

વિષયોની વિમુખતા, પરમેષ્ઠિઓની સન્મુખતા,
અનુકૂળતાનો સંકલ્પ, પ્રતિકૂળતાનું વિસર્જન,
અસહાયતાનું પ્રકટન, સંરક્ષણનો વિશ્વાસ,
આત્માનું સમર્પણ અને સર્વસ્વનું દાન છે.

'હું અરિહંતને નમસ્કાર કરું છું' એ પ્રથમ ભૂમિકા.
'અરિહંત મારા રક્ષક છે, માટે તેમને નમસ્કાર કરું છું' તથા
'અરિહંતોની આજ્ઞાનું પાલન કરવા નમસ્કાર કરું છું'
એ અનુક્રમે બીજી અને ત્રીજી ભૂમિકા છે.
પહેલી ભૂમિકામાં હું અરિહંતનો છું, બીજી ભૂમિકામાં
અરિહંતો મારા છે અને ત્રીજી ભૂમિકામાં અત્યંત
પુષ્ટ ભાવના છે કે અરિહંતો અને હું એક છીએ.

અરિહંતોને જન્મ નહિ, સિદ્ધોને મરણ નહિ.

જન્મ-મરણરહિત તત્ત્વ પૂર્ણ છે.

અરિહંતના ધ્યાનથી

પુણ્ય તત્ત્વનું ધ્યાન અને પાપતત્ત્વનો પરિહાર થાય છે.

સિદ્ધના ધ્યાનથી

જીવતત્ત્વનું ધ્યાન અને અજીવ તત્ત્વનો પરિહાર થાય છે.

આચાર્યના ધ્યાનથી

સંવર તત્ત્વનું ધ્યાન અને આશ્રવ તત્ત્વનો પરિહાર થાય છે.

ઉપાધ્યાયના ધ્યાનથી

નિર્જરા તત્ત્વનું ધ્યાન અને બંધ તત્ત્વનો પરિહાર થાય છે.

સાધુના ધ્યાનથી

સિદ્ધનું ધ્યાન અને સંસારનો પરિહાર થાય છે.

કર્મથી મુક્ત તે સિદ્ધ,

કર્મથી મુક્ત થવાની જે ફરજ માને તે સાધુ.

સિદ્ધિ સ્થાન તે સ્વદેશ, સંસાર સ્થાન તે પરદેશ.

નવકાર ત્રિભુવનનો સાર છે, મોક્ષનું વાહન છે.

જગતના સુખને માટે પોતે ખપી જવું અને જગતના
દુઃખનિવારણ માટે પોતાના સુખનો પરિત્યાગ કરવો,
એ શુદ્ધચિત્તની ધારા ઉપર લઈ જનાર છે.
આ નમસ્કાર વડે એ કાર્ય સિદ્ધ થાય છે.
આ નમસ્કાર ચેતનરૂપી કદલીને ઉત્પન્ન થયેલું ફૂલ છે.
જે ઉત્પન્ન થતાંની સાથે મનરૂપી કેળનો અંત આવે છે.
આ નમસ્કારનું 'નમો' પદ એ અગ્નિ, પારદ, પારસ,
લોહચુંબક, દાવાનળ અને વડવાનલ છે.
ઇતિ સંયોગ, બનાવ, અવસ્થા, પુદ્ગલ,
જીવ, કાળ, ધર્મ, અધર્મ, આકાશ :
એ સર્વને નમવું એટલે માન્ય રાખવું.
તેથી સમત્વ સ્થિર થઈને સનાતન સત્યોનો સ્વીકાર થાય છે
તથા એજ સામાયિક અને સમતા છે.
ન નમવાથી મમતા પોષાય અને નમવાથી સમતા પુષ્ટ થાય છે.
ન નમવામાં વિશ્વવિષયક અજ્ઞાન સિદ્ધ થાય છે.
નમવામાં વિવેક, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સ્વાસ્થ્ય, સમરસતા છે.

નવકાર મંત્ર સમર્પણ છે.

જેને નમાયો છાયો, તેને ગમાયો છાયરું.

જેને નહિ નમતાં, તે આપણને ગમતા નહિ અને
તેથી આપણે પણ તેમને ગમતા નહિ.

સર્વ જીવો આપણને ગમે, તો જ પંચપરમેષ્ઠિઓ પણ ગમે.
પંચપરમેષ્ઠિઓ આપણને ગમે, તો જ સર્વ જીવો પણ ગમે.

આ નવકારનું પ્રયોજન સ્વાર્થમનનો હ્રાસ (સંવર)
અને પરાર્થભાવનો વિકાસ (નિર્જરા) છે.

નમો - ખમો - દમો - શમો - ગમો.

નમનક્રિયા ક્ષમા રૂપ છે, ઈંદ્રિયાનિન્દ્રિયના દમનરૂપ છે, સર્વ જીવોને સંતોષ દેનાર શમનરૂપ છે અને તેથી સર્વ જીવોને અતિપ્રિય - વલ્લભરૂપ છે, માટે પરમ ધર્મરૂપ છે.

આ નવકાર એ સમ્યગ્વચન છે, દયાનો હેતુ છે.

નવકાર મંત્ર પ્રકારનું દાન શીખવીને તેને ગણનારમાં દાનરુચિ વધે છે. દાનોમાં શ્રેષ્ઠ દાન સન્માનનું દાન છે. તે મન - વચન - કાયા - દશે પ્રાણો વડે પણ થઈ શકે છે.

નમો = ગૌતમ સ્વામી, અરિહંતાણં = મહાવીર સ્વામી

## 'નમો અરિહંતાણં'નો અર્થ

અરિહંતના શબ્દો બતાવે જે વિચાર છે, તેમાં સકલ જગની તુલના જાણે એકપણ વિચાર કરી ન શકે.
સર્વ વિચારોનો તે ચક્રવર્તી છે.

'અરિહંત માથાના મુકુટ છે અને આપણે તેમના ચરણોની રજ છીએ' એ 'નમો અરિહંતાણં'નો અર્થ છે.

## પંચપરમેષ્ઠિમાં શું પ્રધાન?

અરિહંતોનો ઉપકાર, સિદ્ધોનો આધાર,
આચાર્યનો આચાર, ઉપાધ્યાયનો વિચાર, સાધુનો સત્કાર.

## અરિહંતથી અધિષ્ઠાયકો પર્યંતનો ક્રમ

અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ (શાસનદેવતા, ક્ષેત્રપાલાદિ) ગુરુ ઉપકારી આત્મા, શાસનાધિષ્ઠાયક, ક્ષેત્રાધિષ્ઠાયક આમ શ્રેષ્ઠ અરિહંતો અને છેલ્લે અધિષ્ઠાયકોનો ક્રમ છે.

## અરિહંત, અરહંત અને અરૂહંત

આ ત્રણે અર્થમાં સર્વ દેવોનું દેવપણું સમાઈ જાય છે.

શ્રી નવકાર એ વિભાવને ભગાવવાની અને
સ્વભાવને જગાવવાની અદ્ભુત ક્રિયા છે.

'નમો' પદ પરિપૂર્ણ વૈરાગ્યને સૂચવનારું પદ છે.
'અરિહંતાણં' પદ એ સ્વભાવને ઓળખાવી, તેના પ્રત્યે
ભાવ-ભક્તિ વધારી સુદૃઢ સ્નેહને જગાડનારું પદ છે.
અરિહંતને નમસ્કાર કરતી વખતે ભેદનયથી અરિહંતને
અને અભેદનયથી પોતાના આત્માને નમસ્કાર થાય છે.
જૈનશાસન = શ્રી જિનેશ્વરોનો અનુલ્લંઘ્ય ઉપદેશ.
'નમો અરિહંતાણં'નો એક અર્થ નીચે મુજબ થઈ શકે:
'આણં તાણં પ્રમાણં' અરિહંતોની આજ્ઞા રક્ષણ કરનારી છે,
શરણ આપનારી છે, એ વાત મને પ્રમાણ છે.
'નમો' પદ પ્રમાણવાચક પણ થઈ શકે છે.
જે વસ્તુ પ્રમાણભૂત હોય, તે જ નમનીય બની શકે છે.
પ્રકર્ષેણ માનં પ્રમાણં। અહીં 'માન' શબ્દનું ઉલટું = 'નમો'.
પ્રમાણનું પ્રાકૃતમાં 'પમાણં' થાય છે,
તેથી શુદ્ધ મંત્ર 'આણં તાણં પમાણં' થશે.

## 'નમસ્કાર કરવો' એટલે...

હૃદયપૂર્વક બે હાથ અને માથું પ્રભુને અર્પણ કરવું.
અરિહંતને નમીએ તે તેના માર્ગને - સન્માર્ગને નમીએ.
તેનાથી ઉન્માર્ગની રુચિ ટળી અને સન્માર્ગની રુચિ જાગી.
નમસ્કારમાં જેને નમવાનું છે, તેઓ ભક્તલવને પામેલા છે,
તેથી તે નમસ્કાર ભવનો નાશ કરનાર લવ પેદા કરે છે.
લવથી ભવ ભાગે. લવ = પ્રેમ અને ભવ = સંસાર.

'નમો' એટલે બિનશરતી શરણાગતિ.

એટલે જ આ નવકારના જાપમાં
અહીંયા શરણાગતિની પ્રતિજ્ઞા છ વાર લેવી પડે છે.
બધા પ્રાણો પ્રેમપૂર્વક નમસ્કારની ક્રિયામાં સામેલ થાય,
ત્યારે તે ક્રિયા આત્મપ્રદેશોમાં અદ્‌ભુત ઝંકાર પેદા કરે છે.
તે ઝંકાર = જગતના બધા જીવોના કલ્યાણનો મહાશંખનાદ.
નમસ્કાર કરતી વખતે કોઈ સ્વજન બહાર રહી જાય,
તે આંગણે અવસર હોય અને સગો ભાઈ રહી જાય,
તેના જેવી વિચિત્ર ઘટના ગણાય.

શ્રી નમસ્કારભાવ દ્વારા આત્માની પાત્રતાને ન પકવવી,
એ મોટો વિશ્વાપરાધ અથવા આત્મદ્રોહ છે.
જ્યાં સુધી એ પાત્રતા ન વિકસે, ત્યાં સુધી
પાપસંબંધમાં આવવાની જીવની યોગ્યતા ઘટતી નથી.
'શ્રી નવકારને શરણે જવું' એટલે
શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોના સર્વજીવહિતવિષયક ભાવમાં
પોતાના ચિત્તનું વારંવાર સ્થાપન કરવું.
જેમ જેમ ચિત્ત નમસ્કારભાવથી વાસિત થતું જાય, તેમ
તેમ જીવને ભાવ આપવાનો આંતરિકભાવ ખીલતો જાય.
નવકારનો સંબંધ પોતાનો સંબંધ રહેવા છતાં
સર્વનો સંબંધ બની શકે છે.
વચ્ચે મન છે, તે જાય તો ખરો આત્માનંદ અનુભવાય.
મનોનાશનો ઉપાય 'નમો' પદનો અભ્યાસ છે.
એ અભ્યાસ સર્વનો સંબંધ જોડી આપે છે.
સર્વનો સંબંધ થયો એટલે મનનો નાશ થયો સમજો,
કેમકે મનનો ટકાવ સ્વના વિચાર ઉપર છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં,

ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન-

એ 3 વસ્તુ ગર્ભિત છે.

પહેલાં ૫ પદ વડે ચતુઃશરણગમન થાય છે.

છઠ્ઠા અને સાતમા પદ વડે દુષ્કૃતગર્હા અને

આઠમા અને નવમા પદ વડે સુકૃતાનુમોદના થાય છે.

નિર્યુક્તિમાં નવકારને સામાયિકનું અંગ કહ્યું છે, તેથી 'સામાયિકના પાલનની શક્તિ નવકારની ભક્તિથી શક્ય છે'

એ સિદ્ધાંત માન્ય રાખ્યો છે,

તેથી ધર્મમાત્રનો પ્રાણ કેવળ ક્રિયા નહિ પણ વર્તન કરવાનું બળ જેમાંથી પ્રાપ્ત થાય છે, તે ભક્તિ, બહુમાન, ભાવના અને અનુપ્રેક્ષા વડે પ્રાપ્ત થાય પણ છે.

નમસ્કારમંત્રની આરાધના એ કલ્યાણભાવની આરાધના છે. આત્મભાવનું સ્મરણ છે, જે સર્વાત્મભાવને વિકસાવી પરમાત્મભાવમાં પરિણમન પામે છે. આત્મભાવ એ તો મહાભાવ સ્વરૂપ છે, તેથી નવકાર એ મહાભાવ છે.

મોહની સ્થિતિ ૬૯ કોડાકોડી ઘટે, ત્યારે આત્માને
'નમો અરિહંતાણં |' બીજત્વની ભાવના જાગે છે.
નમસ્કાર મંત્રમાં શુદ્ધ આત્મશક્તિની પૂજા છે.
અરિહંત એ આત્મશક્તિનું સંપૂર્ણ પ્રત્યક્ષ છે.
જ્ઞાનશક્તિ, વચનશક્તિ, સામર્થ્યશક્તિ, પૂજાતિશય,
અપાયાપગમાતિશય આદિ આત્મશક્તિના જ પ્રત્યક્ષો છે.
અરિહંતાદિ પાંચ વિશ્વમાં સર્વ પ્રાણીઓ સમાય છે.
અરિહંતાદિ પાંચ નિર્ભય છે, કારણ સકલ હિતાશયવાળા છે.
કૃતજ્ઞતાગુણને વિકસાવવા 'નમો અરિહંતાણં' મંત્ર પદ છે.
એને શ્વાસની જેમ ધારણ કરવા વડે અધઃપતનથી બચાય
અને ઊર્ધ્વગમન કરવા માટે સમર્થ થઈ શકે છે.
નવકારમંત્ર કાળ કરતાં પણ અનંતગુણ સૂક્ષ્મ છે.
આ નવકારની વ્યાપકતા અને મહત્તા સમજવા
આટલી વિચારધારા આવશ્યક છે.
એના જાપથી નવકાર પ્રત્યેની નિષ્ઠા દૃઢ બનશે.
'નમવું' એટલે સર્વને ગમવું, સર્વને સમાન માનવું.

સમસ્ત જીવરાશિના ઉપકાર તળે આવીને જ
જીવ મુક્તિમાર્ગમાં આગળ વધે છે.

કોઈ જીવ કરૂણાનો, કોઈ પ્રમોદનો, કોઈ માધ્યસ્થ્યનો અને
કોઈ મૈત્રીનો વિષય બની આગળ વધવામાં ઉપકાર કરે છે.

આવી સમજણ ઉગવી તે ભાવનમસ્કાર છે.
તે નમસ્કારભાવમાં જીવને સ્થિર રાખનાર અને
અહંકારભાવને નિવારી આપનાર છે.

નમસ્કારભાવ = નમ્રભાવ, કૃતજ્ઞભાવ, વિનીતભાવ.

જેમના હૈયામાં નમસ્કાર પદાર્થ છે,
તેના હૈયામાં મૈત્ર્યાદિ ભાવો સહજ બને છે.

નમસ્કારભાવનું તત્ત્વ શું?

એનો ઉત્તર છે જીવત્વની અચિન્ત્ય શક્તિનો સ્વીકાર.

સમગ્ર શાસ્ત્રોની રચના
જીવત્વના અચિન્ત્ય પ્રભાવનું વર્ણન કરવા માટે જ થઈ છે.

નવકારના પ્રથમ પદનો એ રહસ્યાર્થ છે:
'મારું સામ્રાજ્ય' મટી 'તારું સામ્રાજ્ય' સ્થપાશે,

## ૪ શરણાં શા માટે?

અરિહંતના શરણાંથી મૈત્રી આવે છે અને ક્રોધ જાય છે.
સિદ્ધના શરણાંથી પ્રમોદ જાગે છે અને માન જાય છે.
સાધુના શરણાંથી કરૂણા પેદા થાય અને માયા જાય છે.
ધર્મના શરણાંથી માધ્યસ્થ્ય આવે અને લોભ જાય છે.
પ્રભુનો નમસ્કાર એ જ નિસ્તાર કરનારો છે, તેમ
પ્રભુને ન નમવાનો અધ્યવસાય વિનાશકારક પણ છે,
એવી ઉભય પ્રકારની સમજણ આવશ્યક છે.

## નવકાર કઈ રીતે અખિલ શબ્દબ્રહ્મરૂપ?

જેમ વેદોના સારભૂત કે દોહનભૂત ઓંકાર એ જ
અખિલ શબ્દબ્રહ્મરૂપ છે, તેમ અર્હંકાર કે નવકાર પણ
ચૌદપૂર્વ અને દ્વાદશાંગીના સારરૂપ કે સંક્ષેપરૂપ હોવાથી.

'નમો અરિહંતાણં'માં...

નમસ્કાર એ ભૂલનો એકરાર અને શુદ્ધિ છે.
'પોતાની ભૂલ જોવી અને બીજાનો ગુણ જોવો'
એ નમસ્કારભાવની પહેલી શરત છે.

નવકારમાં સર્વ વસ્તુ આપવાની તાકાત છે.
નવકાર ગણો ત્યારે આગળ વિચારનું અનુસંધાન ચાલે છે, જેથી નવકાર ગણતાં પૂર્વ શાંતિમંત્ર ભણવાનો રિવાજ છે. તે મનથી વિચાર કરે કે આકાશ, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ વગેરે તત્ત્વોમાં શાંતિ થાઓ, તો તેમાં ઇચ્છા કરવાથી વિકલ્પો નષ્ટ થાય છે. આત્મા શાંતિસાગરમાં ડૂબી ગયાનો અનુભવ થાય, તે પછી જ નવકાર ગણવો.

## નમસ્કારનાં ત્રણ અર્થ

(૧) અભીપ્સા (૨) સમર્પણ (૩) ઈન્કાર.

નવકાર ગણવાથી થતી અખૂટ આવક ગણી શકાતી નથી. તેનો જાપ કરવાથી જન્મોજન્મ પુણ્યની ખોટ જતી નથી.

એક અબજ રૂપિયાની મૂડીવાળી એક કંપની રોજના હજાર રૂપિયાની ખોટ કરે, તો પણ એ મૂડી પૂરી થતાં ૨૫૦ વર્ષથી ય વધુ સમય લાગે.

નવકારના પ્રભાવે સત્ય - અસત્ય, જ્યોતિ - અંધકાર, સમર્પણ - સ્વાર્થ એ જોડીઓ સાથે રહી શકતી નથી.

'નમો અરિહંતાણં' પદમાં વિવેક, વૈરાગ્ય, શમ, દમ, સંતોષ, શ્રદ્ધા, ઉપરતિ, સમાધિ, મુમુક્ષુતા વગેરે સઘળાં સાધનોનો એકસામટો સમાવેશ થએલો જોવાય છે.

'નમો' પદ દૃષ્ટિ સુધારે છે.

'અરિહંતાણં' પદ વર્તન સુધારવા માટે પ્રેરણાદાયક બને છે.

'નમો' એ શૂન્યતાવાચક છે.

નવકારમાં ૬ વાર એ કબુલાત થાય છે કે : હું જેને 'હું' અને 'મારું' માનું છું, તે નિરાધાર - મિથ્યા - અસત્ય છે.

'અરિહંતાણં' સત્ય - સર્વસ્વનો ત્રિકાલાબાધિત આધાર છે.

'નમો' એ દ્રવ્યપ્રાણોનું દાન છે.

અંતરાત્મા એ ભાવપ્રાણોનું સમર્પણ છે.

પ્રાણ = બહિરાત્મા. અંતરાત્મા = મન, બુદ્ધિ, અહંકારાદિ.

પ્રાણોનો આધાર અંતરાત્મા તથા અંતરાત્માનો પરમાત્મા છે.

<u>નવકારનો રહસ્યભૂત તાત્ત્વિક અર્થ</u>

બહિરાત્માનું અંતરાત્મામાં - અંતરાત્માનું પરમાત્મામાં વિસર્જન.

નવકારમંત્રમાં મોક્ષતત્ત્વનો અર્ક છે.

'નમો' પદમાં...

દુષ્કૃતાદિ પાછા ફરીને સુકૃત તરફ ગમન કરવાની ઇચ્છા અભિવ્યક્ત થાય છે.

અરિ + હંતાણં પદમાં...

ધર્મવીર અવસ્થા કે જે અવસ્થામાં મૈત્ર્યાદિભાવો અને તદનુરૂપ મહાન આક્રમણ વડે ક્રોધાદિ ભાવશત્રુઓને હણી નાંખ્યા છે, તેનો બોધ થાય છે.

અરિહં + તાણં પદમાં...

પ્રભુની સમવસરણસ્થ કર્મવીર અવસ્થાનો બોધ થાય છે.

અરિહંત + આણં પદમાં...

પ્રભુની તત્ત્વવીર અવસ્થા કે જે અવસ્થામાં પ્રભુ સર્વ જીવોને તારવા માટે આત્માના આરાધન વડે આત્માસ્વરૂપ બની ગયા છે, ભક્તિ કરનારને અનુગ્રહ કરવા વડે અને અવજ્ઞા કરનારને નિગ્રહ કરવા વડે સ્વયં આત્મારૂપ, તત્ત્વરૂપ બની ગયા છે, તેનો બોધ થતો જણાય છે.

ભાવરૂપી સઘળી મૂડી નવકારમાં જ રોકીએ.

# મોક્ષનો મહામંત્ર છે નવકાર

'નમો'માં કૃતજ્ઞતા છે, પરાર્થકારિતા છે,
આત્મસમદર્શિતા છે, પરમાત્મસમદર્શિતા છે, તેથી 'નમો' એ
વિનયનું અને વિનય એ મોક્ષનું બીજ છે, તેથી જ
નમસ્કારમંત્ર એ 'મોક્ષના મહામંત્ર' તરીકે ગણાવાયો છે.

નવકાર એ આત્મસમદર્શિત્વભાવનું જ શિક્ષણ છે.
નવકાર એ પાપભીરુતા, લજ્જાળુતા, ગુણરાગિતા, અશઠતા,
દીર્ઘદર્શિતા, સૂક્ષ્મદર્શિતા, લબ્ધલક્ષિતા, ગુણાનુરાગિતા,
પાપભીરુતા તથા કૃતજ્ઞતાદિ ગુણોની સાધનારૂપ જ છે.
સામાયિક એ ચારિત્રધર્મ છે. નવકાર એ શ્રુતધર્મ છે.
તેના સહિત થતી ચારિત્રની આરાધના મુક્તિનો હેતુ છે.

જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ।

નવકારનું જ્ઞાન તથા સામાયિકની ક્રિયા મળીને
ખરો મુક્તિમાર્ગ બને છે.

નવકાર એ ધર્મની beginning of begining છે
અને સામાયિક એ ધર્મનો end of the end છે.

આત્માને પરમાત્મા બનવા માટે જેમ સર્વ જીવો સાથે આત્મદષ્ટિત્વલાભ મેળવવાનો છે, તેમ આત્મસમદષ્ટિત્વ-લાભ મેળવવા માટે દયા, પરોપકાર, ગુણરાગ અને સત્યવાદ આદિ ગુણો જરૂરી છે.

વ્યાપક દષ્ટિએ કોઈપણ સદ્ગુણની સાધના કર્યા પછી તે મન, વચન, ક્રિયા, બુદ્ધિ કે હૃદય વડે થતી હોય, તે સર્વ એક અપેક્ષાએ શ્રી નમસ્કાર મહામંત્રની જ સાધના છે.

બીજું કાંઈ નહિ પણ જગતના બધા જીવોને અહર્નિશ શ્રી નવકાર સંભળાવવો,

બધા જ તે સાંભળે છે, તેમ વિચારી અંતરમાં જપવો.

પાટીયા ઉપર લખાતા શબ્દોની જેમ નવકારના અક્ષરો વાતાવરણ ઉપર પોતાની છાપ પાડે છે, તેમ જ ઊંડે સુધી ફેલાય છે અને જે કોઈ જીવ તે પ્રદેશના સંબંધમાં આવે છે, તેના લાભને પ્રેમપૂર્વક આલિંગે છે.

પૂર્ણ નમસ્કારમાં સકલ મોહાધિકારને નિર્મૂળ કરવાની સંપૂર્ણ ક્ષમતા હોવાની વાત સો ટકા સાચી પ્રતીત થાય છે.

શ્રી અરિહંતભગવાનની આરાધનાનાં
પરમ પ્રભાવે પાકતો ભવ્યત્વભાવ
શ્રી સિદ્ધ ભગવંતોની પૂર્ણદૃષ્ટિને ઝીલવાનું મહાકેન્દ્ર બને છે.
'નમો સિદ્ધાણં' પદની આરાધના કરતાં કરતાં આરાધક
જે પળે ભાવથી સિદ્ધશિલા ઉપર બિરાજે છે,
તે સમયે તેના આત્માની વિશ્વોપકારક શક્તિ પ્રગટે છે.
તે શક્તિથી બંધાતા પુણ્યનું મૂલ્ય
લાખો ખાંડી સુવર્ણ કરતાં પણ અનંતગણું અધિક છે.
'નમો અરિહંતાણં'
એ સમતાભાવને નમસ્કાર છે,
જે સમતાભાવ પામવામાં આવતાં અંતરાયોને નિવારે છે.
અંતરાયોને નિવારવા - સમતાભાવનો અભ્યાસ કેળવવા
માટે શ્રી જિનશાસનની સ્થાપના છે.
નમસ્કારભાવથી સમતાભાવનું બહુમાન કેળવાય છે.
'નમો' એ પ્રેમભાવ અથવા અર્પણભાવ છે.
એ માટે નારીહૃદય જોઈએ, તે 'નમો' પદથી કેળવાય છે.

નમો = અનુરાગ. અરિહંતાણં = અનુગ્રહ.

અરિહંતોના અનુગ્રહથી અનુરાગ વધે છે અને
અનુરાગની વૃદ્ધિ થવાથી અનુગ્રહની પણ વૃદ્ધિ થાય છે.
અનુગ્રહ અને અનુરાગ પરસ્પર સાપેક્ષ છે.
એકના વિના બીજો રહી શકતો નથી.

નમો = માતા. અરિહંતાણં = પિતા.

બંનેના સંબંધથી ઉત્પન્ન થતો
શુભ ક્ષયોપશમ ભાવ તે ગર્ભધારણા ગણાય.

'દાસોઽહં' એ નમોનું પ્રત્યક્ષ છે, તેથી 'નમો'ના જાપથી
પણ દાન અને સમર્પણભાવ જાગે છે.
તેના પરિણામે આત્માનું અરિહંતસ્વરૂપ પામી શકાય છે.

ન + મો માં 'મો'નું ઉલટું 'ઓં'.

નમો શબ્દમાંથી 'ન' કાઢી 'મો'ને ઉલટો કરવામાં આવે,
તો 'ઓં' શબ્દ બની જાય છે.
'ન'થી હું બીજું કંઈ માંગતો નથી એમ સૂચવાય છે અને
'ઓં'થી આપ મારા દાસત્વભાવને સ્વીકારો એમ પ્રાર્થાય છે.

'નમો'નું ઉલ્ટું રૂપ મૌન પણ થાય છે. મૌન = મુનિપણું. 'અરિહંતોનું મુનિપણું મને પ્રાપ્ત થાઓ' એવી ભાવના પણ 'નમો અરિહંતાણં' પદમાંથી નીકળી શકે છે.

ણ = ન, મો = મમ = વૈરાગ્ય = દાસોઽહં.

અરિહં = સોઽહં = ભેદોપાસના.

તાણં = અહં = સ મમ = અભેદોપાસના.

ન = નાઽહં, મો = ન મમ ।

અરિહં = સોઽહં, તાણં = સ મમ ।

સમનો પ્રથમાક્ષર 'સોઽહં', દ્વિતીયાક્ષર 'સ મમ'ને સૂચવે છે, નમનો પ્રથમાક્ષર 'નાઽહં', દ્વિતીયાક્ષર 'ન મમ'ને સૂચવે છે. 'અરિહં' શબ્દ ઉચ્ચકોટિના અહં ચરમ આત્મભાવને અને 'તાણં' સકલભાવને સૂચવે છે. ઉચ્ચકોટિનો અહં ચરમ શુદ્ધાત્મા એ જ ત્રાણ ચરમ સકલ એની શરણ છે, એવો ભાવ પણ આ નવકારના પ્રથમ પદમાંથી નીકળે છે.

અરિહ - અરુહ - અરહ એ ત્રણ રૂપો ઉપરથી

અરિહંતાણં । અરુહંતાણં । અરહંતાણં । પદો થયા છે.

નવકાર મહામંત્ર એ મૂળ મંત્ર છે.

પ્રથમ ૫ પદો પરમેષ્ઠિ ભગવંતોના પ્રશંસારૂપ છે અને
ચૂલિકા તેમના નમસ્કાર કરનારાઓની પ્રશંસારૂપ છે.
ચૂલિકા સહિત મૂળ મંત્ર સર્વ જીવોમાં રહેલ જીવત્વની
અને એમાં છુપાયેલા સિદ્ધત્વની પ્રશંસારૂપ છે,
તેથી તે સર્વોત્તમ મહામંત્ર છે.

નવકારનો સાર તેની ચૂલિકા છે,
ચૂલિકાનો સાર આત્મસમદર્શિત્વ છે અને તેનાથી
પરમાત્મસમદર્શિત્વરૂપી સર્વોત્કૃષ્ટ ભાવોની પ્રાપ્તિ થાય છે.
નવકારના જાપ જીવને ભવની ભવથી છોડાવી, બોધિલાભ
અર્પવા સહ જિનપ્રણીત વિશુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરાવે છે.
હૃદયમાં નવકારને ધારણ કરી રાખવાથી
ચિત્તની વિપરીત ગતિ અટકે છે.
મરણ સમયે તેને વારંવાર કરવાનું કહ્યું છે.
એથી સર્વ પાપનો નાશ અને
સર્વ મંગળોમાં પ્રધાન મંગળનો લાભ થાય છે.

'નમો' એ ચંદ્ર છે. 'અરિહંતાણં' એ સૂર્ય છે.
'નમો' એ શુદ્ધ મન છે.
'અરિહંતાણં' એ શુદ્ધ આત્મા છે.
'નમો' મમતાનો ત્યાગ છે.
'અરિહંતાણં' સમતાનો સ્વીકાર છે.

માગવાના 'મોહ' અને આપવાના 'અહં'ને મૂળમાંથી ઉખાડી નાંખવાનું અનોખું સામર્થ્ય શ્રી નવકારના પ્રત્યેક અક્ષરમાં ભારોભાર ભરેલું દેખાય છે.

સ્વને અપાતો ભવ્ય સરવાળે ભવમાં પરિણમે છે.
ભવ્યમંગળના મહાસાગર સરખાં અહીં
શ્રી નવકાર મહામંત્રની આરાધના પ્રત્યે વધતો જતો નિષ્કપટભાવ આગામી શુભનો સૂચક જણાય છે.

<u>નમસ્કારમહામંત્ર શાશ્વત છે, કારણકે મોક્ષાભિલાષ, વિશ્વપ્રેમ, સદાચાર, સદ્વિચાર, પરોપકાર શાશ્વત છે.</u>
<u>વિશ્વના જીવો પ્રત્યે પ્રેમ એ જ અરિહંતત્વ છે.</u>
<u>મોક્ષની ઇચ્છા એ જ સિદ્ધત્વ છે.</u>

<u>મનને આ પંચ પરમેષ્ઠિના ધ્યાનમાં</u>

<u>લીન કરવાનો ઉપાય એક જ છે કે:</u>

જે મન રૂપી સોયમાં પંચપરમેષ્ઠિના ધ્યાનરૂપી હીરાને પરોવવો છે, તે મનનું નાકું જે સ્વાર્થરૂપી કચરાથી પુરાઈ ગયું છે, તેને પરમાર્થ અને પરાર્થભાવ વડે સ્વચ્છ કરવું.

પછી જ તે મનરૂપી સોયમાં શુદ્ધ આત્માઓના ધ્યાનરૂપી હીરો પ્રવેશ પામી શકે છે.

લૌકિકમાંથી છૂટવા અને લોકોત્તરમાં જવા માટે મનને 'નમ'માં પરિણમતાં શીખવવું જોઈએ.

<u>મનમાં 'નમો' ભાવ આવે, ત્યારે મન ક્લેશનું કારણ બનતું અટકી જાય અને વિશુદ્ધિનું કારણ બને છે.</u>

સર્વને નમનારો, આત્મ સમ ગણનારો અરિહંતને નમે છે.

અરિહંતને નમનારો સર્વને નમે છે.

ભાવનમસ્કાર = નમસ્કારની પરિણતિ/નમ્રવૃત્તિને નમન.

'નમો નમઃ।' <u>અર્થાત્</u>: નમસ્કારભાવને હું નમું છું.

આમ એ સ્વતંત્ર મંત્ર બન્યો.

વિશ્વમૈત્રી અને વિશ્વના કલ્યાણની ભાવના સાથેની નમસ્કાર મહામંત્રની આરાધનામાં લૌકિક - પારલૌકિક ઉભય વિઘ્નો અને અંતરાયો દૂર કરવાનું સામર્થ્ય છે.

નવકાર મંત્રની આરાધનાને બરાબર સફળ બનાવવા માટે
કયું તત્ત્વ ખાસ જરૂરી છે ? શુભ ભાવના.

જગતના સર્વ જીવો સુખ પામો. વિશ્વના પ્રાણીઓને સદ્બુદ્ધિ મળો. સર્વ દુઃખમાત્રથી મુક્ત થાઓ. પાપરહિત બનો. મોક્ષસુખ પામો. કોઈ દુશ્મન, વિરોધી કે દુઃખદાતા હોય, તેને પણ આ ભાવનામાંથી બાદ નહિ કરવાના, બલ્કે એના માટે વિશેષ પ્રકારે આ ભાવના ભાવવાની.

વહેલા પ્રભાતે આ ભાવના કરવાથી
એની ચમત્કારિક શુભ અસર દેખાય છે.

જે નવકારને જાણે - જપે, તે સ્યાદ્વાદને અવશ્ય જાણશે.

જગતના ભિન્ન ભિન્ન મંત્રોનું ધ્યાન કરવું,
તે તત્ત્વથી નવકારની જ આરાધના છે.

ૐ હ્રીં વગેરે બધા મંત્રો વડે નવકાર જ સ્તવાય છે.

પરમેષ્ઠિ ભગવંતોમાં આધ્યાત્મિક વિદ્યુત્,
જ્ઞાનનો પ્રકાશ અને આત્માનું તેજ ભરેલું છે.
તેને આપણા તરફ વાળવા, વળાંક આપવા
આપણે 'નમો'નું બટન દબાવવાનું - ઉઘાડવાનું છે.
'નમો' પદથી ધર્મની મહાસત્તાનો જબ્બર શક્તિપુંજ
આપણે આપણા પ્રત્યે વાળી શકીએ છીએ.
'નમો' વડે ભક્ત સર્વ ભારથી મુક્ત બને છે.
'નમો' પદમાં પ્રબળ ભક્તિ, શ્રેષ્ઠ અનુમોદના, અવિહડ પ્રેમ,
સર્વ સમર્પણ અને અનન્ય શરણાગતિ રહેલા છે.
'નમો'નો ભાવ મનમાં ઉતારવો એટલે પંચ પરમેષ્ઠિ
પ્રત્યે-પંચ પરમ આદર્શો તરફ પારાવાર ભક્તિ પ્રગટાવવી.
'નમો' પદનો હૃદયમાં સ્પર્શ થતાં જ
અહંકાર ભાવનું વિષ, સ્વાર્થ ભાવનો સંક્લેશ અને
તિરસ્કારભાવની ક્ષુદ્રતા આપોઆપ વિલય પામે છે તથા
તેના કેન્દ્ર પરમેષ્ઠિભગવંતો સાથે તાદાત્મ્ય સધાય છે.
'નમો'ના સાધકને રોગ - શોક ઘેરી જ શકે કઈ રીતે ?

સાધનાની ચાવી 'નમો' છે, તે પરમેષ્ઠિભગવંતો પ્રત્યે છે.
તેનો અર્થ આપણા આત્મામાં રહેલ શુભતત્ત્વ પ્રત્યે છે.
નમસ્કાર = ત્રિકરણ યોગે અનુકૂળ બનવાની ક્રિયા.
'નમો' પદના આલંબનથી ધર્મમહાસત્તાને અનુકૂળ બનાય.
જેમ પૌદ્ગલિક વસ્તુમાં ભવભ્રમણ કરાવવાની શક્તિ છે,
તેમ પંચપરમેષ્ઠિઓમાં મોક્ષસુખ આપવાનું સામર્થ્ય છે.
'નવકાર પામવો' એટલે સર્વ હિતનો ભાવ સ્પર્શવો,
ધર્મ મહાસત્તા પ્રત્યે અનુકૂળ વૃત્તિ થવી તથા
પરમ કલ્યાણનું બીજ રોપાવું.
ચોક્કસ પ્રકારની યોગ્યતા આવ્યા વિના આ શક્ય નથી.
'નમો' એ મોક્ષમાર્ગ, 'અરિહંતાણં' એ તત્ત્વજ્ઞાન છે.
નવકારમાં જ્ઞાન અને ક્રિયા બન્ને છે.
નવકાર એ આત્મા છે,
સમત્વ એ પ્રાણ છે, સત્ક્રિયા એ શરીર છે.
નવકાર ન ગમે, ત્યાં સુધી સમજવું કે
ભવની મોટી પરંપરા બાકી છે.

જ્યાં સુધી શ્રી અરિહંત પરમાત્માના નામ, ગુણ, ઉપકાર
અને બિંબમાં આપણી એકાગ્રતાને સ્થિર નહિ કરીએ
અને આપણા દશે ય પ્રભુને સમર્પિત નહિ કરીએ,
ત્યાં સુધી આપણા મૂળ ઘરનો માર્ગ નહિ જડે,
રખડપટ્ટીનો અંત નહિ આવે.

તે માટે શ્રી અરિહંત પરમાત્માના શરણાનો જ આધાર છે.

ભવરહિત થવાનો ઉપાય નવકાર છે,
જેનું કારણ સર્વ જીવો પ્રત્યે પ્રેમ પ્રગટે છે.
અરિહંતોનો નમસ્કાર જીવને નિર્ભય બનાવનાર છે.
જેનું કારણ સર્વ જીવો પ્રત્યેના પ્રેમ વડે
અરિહંતોએ ભવશત્રુ જીતી લીધા છે.

નમો = દાન, વિનય અને કૃતજ્ઞતાની સરિતા - જલ.
અરિહંતાણં = વિવેક, પૂજન, પરોપકારનો સાગર - શિવ.
'નમસ્કાર' એટલે અહંકારની હાર અને પ્રેમનો વિજય.

નવકારના એક નિષ્ઠાપૂર્વકના જાપનો તાપ,
ભવની ગમે તેવી છાપ (પાપ)ને નિર્મૂળ કરી શકે છે.

'નમસ્કારભાવ' એટલે આત્મભાવની સર્વોપરિતાનો
સ્વીકાર અને અનાત્મભાવનો તુચ્છકાર.

અરિહં + તાણં = પરમેષ્ઠિભાવમાં મનનો વિસ્તાર.
તન્ વિસ્તાર અર્થમાં છે અને તેના ઉપરથી 'તાન' શબ્દ
બને છે, તેથી 'નમો' વડે મનરૂપી તેલના ટીપાને 'અરિહંત'
પરમાત્મારૂપી જલમાં ઝબોળવાથી સર્વાત્મભાવમાં વિસ્તરી
જાય છે, સ્વાર્થભાવમાં સંકોચાઈ જાય છે. મનરૂપી
તેલના ટીપાને અરિહંતરૂપી જલમાં નમાવવાની-નાંખવાની
ક્રિયા 'નમો' પદ વડે થાય છે, પછી તેના સ્વભાવ વડે
તે મનરૂપી તેલ અરિહંતભાવમાં-સર્વાત્મભાવમાં 'તાન'
એટલે કે વિસ્તરી જાય છે, તન્મય બની જાય છે.
જેમ જલમાં પડેલું ઘીનું ટીપું સંકોચાતું જાય છે,
તેમ મનરૂપી જલમાં પડેલું 'નમો' રૂપી ઘીનું ટીપું
વિષયોની વાસનાથી સંકોચાઈ જાય છે.

'નમ' સ્નેહવાળું હોઈ તેલ-ઘીના બિંદુની ઉપમા યોગ્ય છે
અને મન એ જલના સ્થાને છે.

## પંચપરમેષ્ઠિની આજ્ઞાનો મહિમા

અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓની

આજ્ઞાને કરેલો નમસ્કાર

સર્વ પાપનો સમૂળ નાશ કરે.

એ નમસ્કાર સર્વ મંગળોમાં પહેલું મંગળ છે.

આજ્ઞા તે આજ્ઞા છે, તેમાં તર્ક કે દલીલને અવકાશ નથી.

અરિહંતોની આજ્ઞા વિશ્વધર્મઆલયની છે,

સિદ્ધોની આજ્ઞા સમદર્શિત્વની છે,

આચાર્યોની આજ્ઞા સદાચારપાલનની છે,

ઉપાધ્યાયોની આજ્ઞા શ્રુતાધ્યયનની છે,

સાધુઓની આચારપાલન અને શ્રુતાધ્યયન સહાયની છે.

ૐ ર્હીં શ્રી પંચપરમેષ્ઠિવાચક પદ છે.

તેને નમસ્કાર અને તેમની આજ્ઞાને નમસ્કાર,

એ જ કર્મના લીધેલા બંધનમાંથી છૂટવાનો આનંદ ઉપાય.

વ્યક્તિના વિશ્વ સાથેના સંબંધનો સાચો નાદ

આ નવકારમાં સંભળાય છે.

સામાયિક એ સમભાવની ક્રિયારૂપ છે.

નવકાર એ સમભાવની અનુમતિરૂપ છે.

નવકાર એ જ્ઞાન - દર્શન, સામાયિક એ ચારિત્ર છે.

નવકાર વડે સર્વ જીવો આત્મતુલ્ય છે એવું જ્ઞાન અને સર્વ જીવો તરફ આત્મતુલ્ય જોવાનું દર્શન પમાય છે.

સામાયિક વડે તેને જીવનમાં ઉતારવાની ક્રિયા થાય છે.

નવકાર એ ભાવની વિશુદ્ધિ કરાવે છે.

સામાયિક એ દ્રવ્યની વિશુદ્ધિ કરાવે છે.

નવકારનું ફળ = સામાયિક. સામાયિકનું મૂળ = નવકાર

ઉભયલોકનું સુખ અને પરંપરાએ મુક્તિ એ નવકારનું ફળ છે, તેથી નવકારનો આદર એ પરમ કર્તવ્ય છે.

નવકારના જાપથી આત્મસમદર્શિત્વનો ભાવ વિકસે છે અને તેથી અનાત્મસમદર્શિત્વ વડે બંધાતું પાપ અટકે છે.

શ્રી નવકાર એ સામાયિકના બહુમાન સ્વરૂપ છે અને શ્રી સામાયિક એ જીવત્વના બહુમાન સ્વરૂપ છે.

નવકારરૂપી અંકુર-દાનમાં જેમ, તે મોક્ષે જરૂર પહોંચે.

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ
સર્વ ધર્મ ક્રિયાઓનો
પ્રાણ, નિષ્કર્ષ અને સારતત્વ છે.
જેમ કે ગોરસનો સાર માખણ છે અને
કવિતાનો પ્રાણ ધ્વનિ (વ્યંગ્યાર્થ) છે.
નમસ્કારમાં કૃતજ્ઞતા, ભક્તિ અને વિનય છે.

<u>નવકારરૂપી ધનુષ્ય બાણ</u>

'નમો' એ ધનુષ્ય, આત્મા એ બાણ અને
અરિહંત એ લક્ષ્ય છે.
આપણે અપ્રમત્ત બનીને
નવકારરૂપી ધનુષ્ય વડે આત્મપ્રયત્નરૂપી બાણથી
પરમેષ્ઠિરૂપી લક્ષ્યને વીંધવું જોઈએ.
લક્ષ્ય સ્વરૂપ બનવું જોઈએ.
પરમ શાશ્વત સુખના મહાસાગર સરખા
શ્રી નવકારના મીઠાં જળ જે આત્માને ભાવતાં નથી,
તેને સંસારના ખારાં જળમાં સ્નાન કરવું પડે છે.

## ક્રિયા, નાદ, બિન્દુ અને નવકારની સાધના

નવકારનું પ્રત્યેક આંદોલન આત્માની ભાષારૂપે છે. પ્રથમ નવકારના દરેક અક્ષરો જાણી વાંચી રહ્યા છીએ, અહીં એકેએક અક્ષર સ્પષ્ટ - સુવાચ્ય દેખાવો જોઈએ. એ સિદ્ધ થઈ ગયા પછી ધ્વનિ ઉપર લક્ષ આપવું. જાપના ધ્વનિના જે પાવન તરંગો ઊઠે છે, તેથી પ્રાણ વ્યવસ્થિત થઈ જાય છે. મન એકાગ્ર બને પછી તે મંત્રનું જપ અનુભવાય તથા એકાગ્ર મન વિશ્વને પણ જોયે.

નમસ્કાર વડે તે વાતનો સ્વીકાર થાય છે કે:
હું એકલો નહિ પણ બધા મારા સમાન જાતીયતત્ત્વ છે.

આત્મા અને અરિહંતની જાતિ એક છે,
એથી અરિહંતનું સ્વરૂપ આત્મસ્વરૂપ સ્વરૂપ છે.

આ નવકારને પોતાના મનનું દાન કરવું,
એનું જ નામ 'જસ્સ મણે નવકારો।' છે.

આ નવકારને સોંપાયેલું મન વિશ્વમન બની શકે છે.
જ્યાં સુધી મન 'પોતાનું' રહે, પોતે સર્વનો ન બની શકે.

અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં ચિત્તનું સમાધાન એકસરખું ટકી રહેવું એ જ નવકારની પ્રાપ્તિનું મુખ્ય ફળ છે.

મોક્ષનું મુખ્ય કારણ ચિત્તનું સમાધાન છે,
તેથી નવકાર એ મોક્ષનું અંગ છે.

નવકાર એ સર્વ અર્થ અને ક્રિયાને કરનારું છે.
પ્રથમ ગુણસ્થાનકથી લઈને ચતુર્દશ ગુણસ્થાનક સુધીના સર્વ જીવોને તે આરાધનાની સામગ્રી પુરી પાડે છે.

અન્ય મંત્રોની આ સ્થિતિ નથી,
તેથી જ 'નમો અરિહંતાણં ।' એ મહામંત્ર છે.

નવકારના પહેલાં પદમાં

ૐ હ્રીં અર્હં એ સૂરિમંત્ર છે, અક્ષરાકૃતિ એ યંત્ર છે, વર્ધમાન વિદ્યા એ વિદ્યા છે, પાંચ વર્ણનું ધ્યાન એ તંત્ર છે, મંગલ - શ્રેષ્ઠ - શરણાદિ એ શરણ છે, દ્રવ્યભાવ એ ઔષધ છે, રોગ મટાડવાની તાકાત છે.

ઉત્પત્તિ મૂળ: નમો = સૂરિમંત્ર = ગણધર ભગવંત.
અરિહંતાણં = વર્ધમાનવિદ્યા = તીર્થંકર ભગવંત.

મહા સુદી ૧૫

## નવકાર સાધન : દ્રવ્ય - ભાવથી સમૃદ્ધ

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો મૈત્ર્યાદિ ભાવથી ભરેલા છે.

શ્રી અરિહંતો મૈત્ર્યાદિ ભાવોના
આદિપ્રચારક, ઉત્પાદક અને વિશ્વમાં વહેતો મૂકનારા છે.

શ્રી સિદ્ધ ભગવંતો તે ભાવને સિદ્ધ કરનારા છે.

આચાર્યો તે ભાવને આચરણમાં મૂકવા-મૂકાવવા પ્રયત્ને છે.

શ્રી ઉપાધ્યાયો તે ભાવને વિકસાવનારા
શાસ્ત્રોને ભણનારા - ભણાવનારા છે.

શ્રી સાધુ ભગવંતો તે ભાવને સાધનારા છે.

મૈત્ર્યાદિ ભાવથી વાસિત અંતઃકરણવાળાને પુણ્ય ન ખૂટે.
તેઓને નવું પુણ્ય ધોધબંધ આવ્યા જ કરે છે,
તેથી તેઓનું દ્રવ્યદારિદ્ર્ય પણ ટકતું નથી.
દ્રવ્ય અને ભાવ ઉભયથી તેઓ સદા ય સમૃદ્ધ રહે છે.
તેથી જ શ્રી નવકારને ગણનારો કદી દરિદ્ર હોતો નથી.
ચૈતન્યના ઉર્ધ્વીકરણનું પ્રબળ માધ્યમ શ્રી નવકાર છે.

નવકારના અક્ષરો એક વિશ્વવ્યાપી છે.

નવકારનો લાભ સર્વવ્યાપી છે.

ભાવનાનાં પુષ્પો, શ્રદ્ધાની ધૂપસળી અને ભક્તિ દીપક

પ્રગટાવી નવકાર ગણવાથી તે ફળીભૂત થાય છે.

'હું'ને સાથે લઈને કોઈ મોક્ષમાં ગયું નહિ, જવાનું નહિ.

કુટિલ સ્વાર્થના વિચારો પ્રાણીઓને દૂષિત કરે છે.

નવકાર તે વિચારોને વિશુદ્ધ કરે છે.

'નમો' પદમાં ન = સૂર્ય, મો = ચંદ્ર.

'નમો' એ સૂર્ય અને ચંદ્રનું પ્રતીક છે.

અહં એ સૂર્ય અને મન એ ચંદ્ર છે.

'શુદ્ધ અહં' એટલે આત્મા અને

'શુદ્ધ મન' એટલે તેના કેવળજ્ઞાનાદિ ગુણો.

એ બેનું ધ્યાન એક 'નમો' પદના સ્મરણથી થાય છે.

'નમો' પદ અશુદ્ધ અહં અને મનનો ત્યાગ કરાવી

શુદ્ધ અહં અને મનનું ધ્યાન કરાવનાર હોવાથી

સ્વયં પણ મહામંત્ર બને છે.

# શ્રી નવકાર એ મહામંત્ર

શ્રી નવકાર એ પરમેશ્વર, વિનય અને નમ્રતાનો મંત્ર છે.

શ્રી નવકાર એ નિર્ભયતાનો મંત્ર છે.

શ્રી નવકાર એ ભીરુતાનો, અશઠતાનો,

લજ્જાળુતાનો અને ગુણરાગિતાનો મંત્ર છે.

શ્રી નવકાર સત્યતાનો, સુપક્ષતાનો, જનપ્રિયતાનો મંત્ર છે.

શ્રી નવકાર એ અક્રૂરતાનો અને મધ્યસ્થતાનો મંત્ર છે.

શ્રી નવકાર એ અક્ષુદ્રતા, સૌમ્યતા,

દયાળુતા અને દાક્ષિણ્યતાનો મંત્ર છે.

શ્રી નવકાર વિશેષજ્ઞતા અને લબ્ધલક્ષ્યતાનો મંત્ર છે.

શ્રી નવકાર એ ન્યાયબુદ્ધિ અને શિષ્ટાચરણનો મંત્ર છે.

શ્રી નવકાર એ અદ્રોહ અને અભેદનો મંત્ર છે.

શ્રી નવકાર આત્મસમદર્શિતા - પરહિતાર્થકારિતાનો મંત્ર છે.

શ્રી નવકાર પરબ્રહ્મ પરમાત્માનો મંત્ર છે.

'નમો' = 'દાસોઽહં' તે સોઽહંનો સાર જ નહીં પણ સોઽહં રાજયોગનો મૂલાધાર છે. 'નમો' દાસત્વવાચક છે.

વિષયો પ્રત્યે વૈરાગ્ય અને જીવો પ્રત્યે મૈત્રી કેળવવા
'નમો અરિહંતાણં !' પદનો પુનઃ પુનઃ જાપ કર્તવ્ય છે.
નવકારના જાપથી વિષયો પ્રત્યે ભેદબુદ્ધિ અને
જીવો પ્રત્યે અભેદબુદ્ધિ કેળવાય છે.
વિષયોનો નાશ 'નમો' પદથી છે.
કષાયોનો નાશ 'અરિહંતાણં'નાં સ્મરણથી છે.
'નમો' પદ પરમાત્મપદની સાથે તાદાત્મ્ય કરે છે,
તેથી વિષય - વાસના નાશ પામે છે.
'અરિહંતાણં !' પદ જીવાત્માઓ સાથે તાદાત્મ્ય સાધે છે,
તેથી કષાય પરિણતિ દૂર કરે છે.
વિષયો વિરુદ્ધ 'નમો' - કષાયો વિરુદ્ધ 'અરિહંતાણં' પદ છે.
'નમો' એ શક્તિ મેળવવા માટે રસાયણના સેવનરૂપ,
તામ્ર-રજત-સુવર્ણ-મૌક્તિક-નીલમ-હીરાની ભસ્મરૂપ છે.
'નમો' એ નૌલિકર્મ, ઉડ્ડીયાન બંધ, કુંભક પ્રાણાયામ છે.
'નમો'ના બે અક્ષર આત્મરાજના પાયારૂપ છે.
'નમો'માં નમ્રતા અને નિર્ભયતા રહેલા છે.

'નમો અરિહંતાણં' એ
'દાસોઽહં', 'સોઽહં' અને 'અહં'નું જ રૂપાંતર છે.
'દાસોઽહં' એ 'નમો અરિહંતાણં'નો જ એક ધ્વનિ છે.
'સોઽહં' એ સીધા ઇલેક્ટ્રીકના કરંટનો સ્પર્શ કરવા
બરાબર છે જ્યારે 'નમો અરિહંતાણં' એ સ્વીચ
દ્વારા કરંટનો ઉપયોગ કરવા બરાબર છે.
'નમો અરિહંતાણં ।' એ 'સોઽહં' ઉપર આવેલ
આવરણને ઉતારવાનો અનાદિસિદ્ધ ઉપાય છે.
અર્થાત્ 'નમો અરિહંતાણં ।' અને 'સોઽહં' અભિન્ન છે.
બધા મંત્રોનું મૂળ નવકાર છે.
ચિંતામણિ મંત્રના ૬૮ અક્ષરો એ પણ
આ નવકારના અક્ષરોની જ એક વિશિષ્ટ રચના છે.
નવકારના અક્ષરોથી બહારનો એક પણ અક્ષર એમાં નથી.
'નમો' એ શક્તિ છે, 'અરિહંતાણં' એ શિવ છે.
'નમો' એ શૂન્યતા છે, તે સિદ્ધ થયા પછી જ
અરિહંતપદનું વૈશિષ્ટ્ય ધ્યાનમાં આવે છે.

'નમો અરિહંતાણં'ની મહામંગળતા
કરુણાના કારણે જ સિદ્ધ થાય છે.
સર્વ પાપોનો નાશ કરુણારૂપ છે,
સર્વ મંગળોનું મંગળ પણ કરુણાના કારણે જ છે.
જીવોની સુખેચ્છા અને દુઃખદ્વિષ્ટતાને કારણે જે
મનોવાંછના છે, તેને પૂર્ણ કરનાર મંગળરૂપ મહામંત્ર છે.
અનિષ્ટ પરિહાર અને ઇષ્ટપૂરણ પણ કરુણારૂપ છે,
તેથી તેને સિદ્ધ કરનાર મંત્ર પણ 'મહામંત્ર' છે.
'નમો અરિહંતાણં' એ સમર્પણની ક્રિયા છે.
તમારાથી પ્રેરાઈને જ હું કાંઈપણ સત્કર્મ કરી શકું છું,
તેથી હું જે કાંઈ કરું છું, તે સર્વ તમને અર્પણ કરું છું.
પ્રથમ પદના ૭ અક્ષરોનું શ્વેત વર્ણે ધ્યાન કરવાનું છે.
તેમાં શ્વેત વર્ણમાં જે ૭ રંગ રહેલાં છે,
તે સૂર્યના ૭ ઘોડા સ્વરૂપ છે.
પ્રથમ પદના જાપથી તે પદના ૭ અક્ષરો
ઘોડારૂપ બની આત્મસૂર્યનો લાભ કરાવે છે.

'નમો અરિહંતાણં'થી ભક્તિ અને રાગ પેદા થાય છે,
કારણ કે તેમાં શિષ્ય અને ગુરુનો અનુકૂળ સંબંધ થાય છે.
અર્થાત્: ગુરુમાં 'આ મનુષ્ય માત્ર છે' એવી બુદ્ધિ કરતો,
મંત્રમાં 'આ માત્ર અક્ષરો છે' અને પ્રતિમામાં 'આ માત્ર
પત્થર છે' એવી બુદ્ધિ કરતો વ્યક્તિ નરકમાં જાય છે.

ઉપકારનો સ્વીકાર તે નમસ્કાર છે.

ગુણગ્રાહકતાનો પરિણામ તે નમસ્કારનો પદાર્થ છે.

દર્પણઘરમાં ફરનાર માનવ બધામાં પોતાને જોતો રહે છે,
તેમ જ નમસ્કાર સાધનાના આંતરિક જોડાણ પછી
સાધક પોતે બધામાં પોતાને જોતો થાય છે.

નમસ્કાર મહામંત્રમાં 'નમો'ના બે અર્થ છે:
પોતે માનને છોડવું અને બીજાને માન આપવું.
'નમો' પદ વડે ઔપશમિકાદિ ભાવોને
પ્રાપ્ત જીવોને માન અપાય છે.
'ન મમ' વડે ઔદયિક ક્ષાયોપશમિક ભાવે
પ્રાપ્ત થયેલ સામગ્રીનો મદ જાય છે.

'સંસાર તથા તેના સંબંધો એ મારા નહીં' અને
'પંચ પરમેષ્ઠિ અને તેમના ગુણસ્થાનકો એ મારા છે';
એવી બુદ્ધિ પેદા કરવા માટે પંચ મંગલનો ઉપદેશ છે.
નમો = નાહં ન મમ, અરિહંતાણં = સોઽહં સ મમ.

○

'નમો' એ જગતથી વિમુખ થઈ અરિહંતાદિની સન્મુખ થવા માટેનો મહામંત્ર છે. એકવાર સન્મુખ થયા પછી બાકીનું કાર્ય અરિહંતાદિના પ્રભાવે આપોઆપ થાય છે.

○

નમસ્કાર એ કૃતજ્ઞતાસૂચક છે.
નમસ્કાર એ શરણવાચક છે,
ભયભીતને શરણ આવશ્યક છે.
નમસ્કાર એ ચિકિત્સાવાચક છે,
કર્મરોગીને ચિકિત્સા આવશ્યક છે.
નમસ્કાર એ વિષાપહારક મંત્રવાચક છે.
મોહરૂપી સર્પથી ડસાયેલાને મંત્ર આવશ્યક છે.

## <u>નમસ્કારનું માહાત્મ્ય</u>

इतो न किंचित् परतो न किंचित् ।
यतो यतो यामि ततो न किंचित् ।
विचार्य पश्यामि जगन्न किंचित् ।
तत्त्वं नमस्कारमृते न किंचित् ॥

## <u>નવકારમાં નવરસ</u>

અંતરાત્માને પરમાત્મા ઉપર <u>પ્રેમ</u> છે.
અંતરાત્માને બહિરાત્મભાવ ઉપર <u>હાસ્ય</u> છે.
અંતરાત્માને તેઓની દીન - હીનાવસ્થા પ્રતિ <u>કરુણા</u> છે.
અંતરાત્માને વિઘ્ન કરનાર પ્રતિ <u>રોષ</u> છે.
અંતરાત્માને વિઘ્ન વિનાશ કરવાનો <u>ઉત્સાહ</u> છે.
અંતરાત્માને અવસ્થા ચાલી ન જવાનો <u>ભય</u> છે.
અંતરાત્માને ભાવશૂન્ય પ્રત્યે <u>ઘૃણા</u> છે.
અંતરાત્માને અપૂર્વ પ્રાપ્તિનો વિસ્મય - નિરંતર <u>તૃપ્તિ</u> છે
તથા 'એ તૃપ્તિ સર્વને મળો' તેની <u>ચાહના</u> પણ છે,
માટે નવકારના ૨૪ શબ્દોમાં મનને સોંપી દઈએ.

## મંત્રચૈતન્ય પ્રગટે...

શબ્દોને અનુસાર ચેતના પ્રગટે, ચમત્કારી થાય.
નવકાર ગણતાં શરીર રોમાંચિત, મુખ પ્રફુલ્લિત - હૃદય
વિકસ્વર થવું જોઈએ, તો મંત્રચૈતન્ય પ્રગટ થયું ગણાય.
પૌદ્‌ગલિક વસ્તુમાં લોભ, મમત્વ કે ગૃદ્ધિ ન કરવી.
માત્ર ઈશમાં જ તૃપ્ત થવું. આ ઉત્તમ મંગળ છે.
આને જ આદિ, મધ્ય અને અંતિમ મંગળ કહ્યું છે.

'નમો' એ સ્ત્રી છે, 'અરિહંત' એ પુરુષ છે.
અરિહંતને નમનારા ઘણાં છે, નમનારને અરિહંત એક છે.
એવો સંબંધ ભક્ત - ભગવાન વચ્ચે સ્થિર થવો જોઈએ.
અરિહંતને પુરુષ બનાવ્યા વિના, માલિક કર્યા વિના,
અક્ષય ભક્તિ બતાવ્યા વિના અને
સ્થિર - એકનિષ્ઠ થયા વિના નમસ્કાર ફળતો નથી.

આ નવકારમાં શુભ ભાવ રાખનાર સત્ત્વશાળીના
મોહપ્રપંચના સઘળા ભવો સુધરે છે, કેમકે
આત્માને આ નવકાર સાથે અનાદિનું સગપણ છે.

'નમસ્કારની પરિણતિ' એટલે ગુણ માનવાની વૃત્તિ.
નમસ્કાર એ જ આપણો પરમ ધર્મ છે, કેમકે આપણાથી
પ્રભુને નમસ્કાર સિવાય બીજું કાંઈપણ થવું શક્ય નથી.
બીજું જે કાંઈ કરીએ તે નમસ્કારરૂપ હોય તો સાર્થક છે,
અન્યથા તો અહંકારરૂપ બનીને પતનનો હેતુ થાય છે.
નવકાર એ જીવો પ્રત્યે મિત્રભાવ સાધવાની સાધના છે.
સાધિત એ મિત્રભાવને સ્થિર કરી અસ્થિમજ્જાવત્
બનાવવાની સાધના છે. નવકાર વિનાનું મન અનાદિ
અજ્ઞાનના કારણે સ્વવિષયક મમતાભાવથી ભરેલું છે,
તેથી આર્તરૌદ્ર રૂપી અશુભ ધ્યાન કર્યા જ કરે છે. તેમાંથી
તેને છોડાવવા સર્વવિષયક સમતાભાવ પેદા કરવો જોઈએ.

એ પેદા કરવા નમ્રતાભાવ કેળવવો જોઈએ.

નવકાર એ કાંઈ વટેમાર્ગુ નથી કે તેના અર્થે માત્ર
'કેમ છો?' કે 'આવજો'નો આવકાર વિધિ બજાવાય.
આ નવકાર વિશ્વમાં અહર્નિશ ગુંજી રહ્યો છે, તેને
સર્વાધિક ભાવ આપીને મંગલના અભિલાષી બનીએ.

૩ શલ્યના નાશ માટે રત્નત્રયી,

૪ કષાયના નાશ માટે ૪ મંગળ અને

૫ વિષયના નાશ માટે પંચપરમેષ્ઠિનું આરાધન જરૂરી છે.

૪ કષાયની વિરૂદ્ધ મૈત્ર્યાદિ ૪ શુભભાવો છે.

તે શુભભાવોનો સંબંધ અરિહંતાદિ ૪ મંગળો સાથે છે.

આ ૪ મંગળોનો સંબંધ પંચ પરમેષ્ઠિ ભગવંત સાથે છે.

અરિહંત = મૈત્રીભાવ, અરિહંતાણં - મૈત્રીભાવને નમસ્કાર.

અરિહંતના ધ્યાનથી મમભાવ જાય.

અરૂહંત = પ્રમોદભાવ, અરૂહંતાણં - પ્રમોદભાવને નમસ્કાર.

અરૂહંતના ધ્યાનથી સમભાવ આવે.

અરહંત = કરૂણા અને માધ્યસ્થભાવ.

અરહંતના ધ્યાનથી નમભાવ આવે.

અરહંતાણં - કારૂણ્ય અને માધ્યસ્થભાવને નમસ્કાર.

આ નમસ્કાર એટલે આપણા આત્માના ભાવનું પિયર.

આપણા હૃદયકમળને ખીલવવાનો ભાવપ્રભાકર નમો

આપણા અંતઃકરણને અંતરલિનતા જગાડનારો મહામંત્ર.

ન + ઓં મળીને ૐ આકૃતિ બનેલી છે,
તેથી ૐ અને 'નમો' એ પદાર્થ એક જ છે.
'મો' અક્ષરને ઉલટાવવાથી ૐ ધ્વનિ પેદા થાય છે.
ૐ ધ્વનિને આલેખવાથી 'નમો' પદ પ્રગટે છે.
'ૐ નમઃ' મંત્ર પણ તેમાંથી જ ઉત્પન્ન થાય છે.
'નમો'રૂપી અગ્નિનો આત્મસ્વરૂપવહ્નિની સાથે યોગ થતાં જ
મલિનતા બળતી જાય - શુદ્ધિ, ઉજ્જ્વળતાદિ વિકસતા જાય.
'નમો' એ છત્રનો દાંડો, 'અરિહંતાણં' એ મસ્તક પર છત્ર છે.
'નમો' એ સાઈકલનું હેંડલ અને 'અરિહંતાણં' એ વેગ છે.
'નમો' એ મોટર હાંકવાનું પૈડું, 'અરિહંતાણં' એ પ્રવેગ છે.

'નમો' એ મોક્ષનું દ્વાર

ૐ અનુજ્ઞા - અનુમતિવાચક છે.
આ અનુમતિ સાચી સમૃદ્ધિ, મનોકામના પૂર્ણ કરનારી છે.
'નમો' એ અનુમતિ, અનુમોદન અને અનુજ્ઞા છે.

નવકારના દરેક અક્ષરમાં કોહીનૂર કરતાં પણ વધુ
સત્ત્વ, પ્રકાશ, સૂક્ષ્મતા અને કાલાતીત પ્રતિભા રહેલી છે.

પોષ વદી ૨, સોમ

'નમ' એટલે 'ન મમ' એટલે મમત્વનો ત્યાગ.
'અરિહં' એટલે 'અહં' એટલે અહંનો ત્યાગ.
'ન મમ', 'ન અહં' એ મોહમંત્રને જીતનાર મહામંત્ર છે.
મોહનો મંત્ર 'અહં' અને 'મમ' છે. તેને જીતનાર 'નાહં' છે.
'ન મમ' મંત્રને જપવા માટે 'નમો અરિહંતાણં' છે. 'ન મમ-ન અહં' 'મારાપણા અને હુંપણા'ની કલ્પના મિથ્યા છે, અનાદિ અવિદ્યાજનિત છે, તેનો ત્યાગ કરવા માટે જ 'હુંપણા'ની કલ્પના આત્મામાં અને 'મારાપણા'ની કલ્પના આત્માના ગુણોમાં થવી જોઈએ. તે માટે મહામંત્ર નવકારનો જાપ છે. તેનો જાપ કરવાથી 'હું આત્મદ્રવ્ય સ્વરૂપ છું, પરન્તુ પરપુદ્ગલાદિ સ્વરૂપ નહિ' એ સમજાય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર એટલે
Visualization of cosmic unity.

આત્માની ઊંચામાં ઊંચી શક્તિને પ્રગટ કરવાનું ઊંચામાં ઊંચું સાધન એટલે કલ્યાણસાગર શ્રી નવકાર.

નમો લોએ સવ્વસાહૂણં ।

એ પદનો જાપ નિશ્ચયથી
'નમો લોએ જીવાણં ।'નું પ્રતીક છે.
સાધુના હૃદયમાં સર્વ જીવોનું
પોતાના આત્મા જેટલું જ સ્થાન છે, તેથી જ તે સાધુ છે.
પોતાના હૃદયમાં તે સ્થાન લાવવા માટે સાધુનો નમસ્કાર છે.
સાધુ કરતાં ઉપાધ્યાય અને તે કરતાં આચાર્ય પોતાના
હૃદયમાં સમગ્ર વિશ્વને અધિક અને અધિક સમાવે છે.
છેલ્લે અરિહંતો એ વિષયમાં સર્વથી વિશિષ્ટ છે,
તેથી તેમનું પદ સર્વથી ઊંચું છે.

નમસ્કાર એ...

ઉપાસ્યની અભિમુખતા છે, અનુકૂળતાનો સંકલ્પ છે,
પ્રતિકૂળતાનું વિસર્જન છે, અસહાયતાનું પ્રકટન છે,
સંરક્ષણનો વિશ્વાસ છે, આત્માનું સમર્પણ છે
તથા આત્મરક્ષણ માટે પ્રાર્થના છે.
તે આપણને સમર્પણભાવની ભૂમિકાને લાયક બનાવે છે.

નવકાર એ ગુહ્ય મંત્રહારસ્વરૂપ છે અથવા
સર્વ પ્રકારના શ્રેષ્ઠ પુરુષાર્થને આમંત્રણ આપનાર છે.
'નમો' પદ એ મોક્ષસુખનું આમંત્રણ છે.
'નમો' એ મહાયોગ સ્વરૂપ છે.
'નમો' પદનો પુનઃપુનઃ જાપ જીવને ભોગી મટાડી યોગી,
સંસારી મટાડી સિદ્ધ અને જીવ મટાડી શિવ બનાવે છે.
જે અક્ષરનું મન જે અક્ષરના નામ વડે વશ થાય છે.
ન = સૂર્યવાચક, મો = ચંદ્રવાચક, ॐ = પરમાત્મવાચક.
ॐ ન મો = ઓં રૂપી સૂર્ય આત્મામાં રહી,
મો રૂપી ચંદ્રમાં મન વિલીન થાય છે
એટલે अर्हं 'अर्हं' રૂપ બની જાય છે અને
'अर्हं' ब्रह्म રૂપ બની જાય છે.
ॐ = પરમાત્મા, ન = સૂર્ય - આત્મા, મો = ચંદ્ર - મન.
સૂર્યરૂપી આત્મામાં ચંદ્રરૂપી મન મળી જાય,
તો તે આત્મા પોતે જ પરમાત્મારૂપ બની જાય.
આ 'ॐ ન મો' મંત્રનો ગૂઢાર્થ છે.

# 'નમઃ' પદનું પરમ રહસ્ય

મનને આત્મામાં વિલીન કરવાની ક્રિયાનું નામ 'નમઃ' છે.
'નમઃ' એ મનનું ત્રાણ, શરણ અને આશ્રયસ્થાન છે,
મનરૂપી હંસને વિશ્રાંતિ લેવા માટેની કમળોની શ્રેણી છે.

મનોરૂપી બાણ 'નમઃ'રૂપી ધનુષ્ય વડે
અરહંરૂપી લક્ષ્યને વીંધીને ત્રાણરૂપ બને છે.
'ત્રાણ' એટલે મનનું આત્મામાં વિલીન થઈ જવું,
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિરૂપ બની જવું.
તે સમાધિ માટે
'અરહં' આલંબનની અને 'નમઃ' ધનુષની જરૂર પડે છે.
મનની અવળી ક્રિયા છોડાવી તેને સવળી ક્રિયામાં જોડવા
'નમઃ' પદની આવશ્યકતા છે.
'નમઃ' પોતે જ અરહં અને ત્રાણવાચક બની જાય છે,
કેમકે તેમાં ૐ અરહંવાચક અને નમઃ ત્રાણવાચક છે.

મો રૂપી મન, ન રૂપી આત્મામાં વિલીન થવાથી
ૐ રૂપી પરમાત્મા પ્રગટ થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના જાપનું અનુષ્ઠાન
આત્માને એકાંત પરમ હિતકારી છે.

સાધુને સૂત્રાર્થ કરવાનાં કહ્યાં છે, તે બંને
મહામંત્રના જાપથી અને અર્થભાવનાથી સિદ્ધ થાય છે.
ચૌદ પૂર્વીઓએ પણ આ મહામંત્ર આલંબનરૂપ કહ્યો, તેનું
મુખ્ય કારણ આત્માની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓનો
તે સ્મારક અને પ્રતિપાદક હોવાથી
આત્મધ્યાનમાં અસાધારણ કારણ બને છે.

શ્રી નમસ્કાર મંત્ર એ મન વડે સાધ્ય થાય છે.
મન એ 'દેહલી દીપક ન્યાયે' એક બાજુ પ્રાણ અને શરીરને
તથા બીજી બાજુ બુદ્ધિ અને આત્માને સુધારનાર હોવાથી
શ્રી નમસ્કારમંત્ર વડે આત્માની સમગ્રતા શુદ્ધિ થાય છે.
મંત્રક્રિયા મુખ્યત્વે મન ઉપર, મન વડે, મન માટે થાય છે.
જેવો મંત્ર તેવું મન બને છે. જેવું મન તેવો મંત્ર ફળે છે.
તેથી મંત્રના આરાધકે મનને સુધારવું જોઈએ અને
તેના માટે શ્રેષ્ઠ મંત્ર પસંદ કરવો જોઈએ.

આ નવકાર એ કૃતજ્ઞતાનું પ્રદર્શન - ઋણસ્વીકાર છે.

નમસ્કારની ક્રિયા શબ્દરૂપ, ભાવરૂપ અને ધ્યાનરૂપ છે. શબ્દક્રિયા, ભાવક્રિયા કે ધ્યાનક્રિયા ક્ષણવારમાં જ થાય, તો તેનું અનંતર કે પરંપર ફળ પણ તત્કાળ મળે છે.

## 'નમો અરિહંતાણં ।'

નવકારના પ્રથમ પદના અર્થની ભાવના:

નમો = પ્રકૃષ્ટ સ્તુતિ, અરિહં = પ્રધાન પરમેષ્ઠિ, તાણં = રક્ષક.

ૐ મૂળમંત્રની અર્થભાવના: અવતિ ઇતિ ઓં ઇત્યપિ ।

મનરૂપી મલીન જળમાં નમો અરિહંતાણંના જાપરૂપી કતક-નિર્મલી ચૂર્ણ સતત પડતું રહેવાથી સ્વચ્છ થતું જાય છે.

મનને સ્વચ્છ કરવાની પ્રક્રિયા એ જ પ્રથમ પદનો જાપ છે.

નવકારનું ધ્યાન કુંભક પ્રાણાયામ વડે તથા નાભિમાં પવન અને મનને સ્થિર કરીને કમલબંધમાં કરવામાં આવે, તો મન સુંદર રીતે બંધાય અને 'એક કુંભકમાં એક નવકાર' સુંદર રીતે થઈ શકે તથા સાધકોમાં એકાગ્રતા અનુભવી શકાય છે.

## શ્રી નવકારના જાપનું ફળ

શ્રી નવકારમાં ચિત્તનું ચોંટવું
એ જ ચિત્તની એકાગ્રતા રૂપ બહુ મોટું ફળ ગણાય.
પ્રભુમાં ચિત્ત લગાડ્યા પછીનું કાર્ય આપણે કરવાનું નથી.
તે સર્વ કાર્ય આપમેળે તેના સ્વભાવથી જ થાય છે.
આપણો પુરૂષાર્થ તો
શ્રી નવકારના અક્ષરોમાં આપણા ચિત્તને પરોવવામાં છે.
એક વખત ચિત્ત જો તે અક્ષરોના સ્મરણમાં લીન થયું,
તો પછી જન્મ કૃતાર્થ થઈ ગયો.
આ જન્મમાં મેળવવા લાયક મળી ગયું.
અરિહંતના નમસ્કારમાં ચિત્તનો પ્રવેશ થવો
એ જ અરિહંત બનવાની પ્રક્રિયા છે.
આત્માને શ્રી નવકાર સાથે અનાદિનું સગાપણું હોઈ
કોઈકના જીવને શ્રી નવકાર તત્કાળ સારી અસર કરે છે.
શ્રી નવકારના શબ્દો કાને પડતાંવેંત
તેનો ચમત્કાર જાગૃતિ દર્શાવે છે.

## જીવને શ્રી નવકાર સંભળાવવો જરૂરી શું ?

સુષુપ્ત કે અર્ધસુષુપ્ત તેના ચૈતન્યરાજને સજાગ કરવો તે. પૂરેપૂરા ભાવનમસ્કારનો ભાવ જગાડવાની સાચી ક્ષમતા પરમેષ્ઠિઓના આત્માના ઉચ્ચ પ્રકારના ભાવમાં રહેલ છે. તેઓશ્રીને જીવતત્ત્વ પ્રત્યે કેટલો ઊંચો અને અદ્વિતીય ભાવ રહેલ છે, તે તેઓશ્રીના દર્શનમાત્રથી આત્મપ્રદેશોમાં જે ઝણઝણાટી પેદા થાય છે, તે ઉપરથી જાણી શકાય છે.

શ્રી નવકારનું પ્રયોજન એક જ છે કે:

જીવની યોગ્યતા વધારવા અને અયોગ્યતા ઘટાડવા.

શ્રી નવકારમંત્રનું ફળ આ લોકમાં પ્રશસ્ત ઋદ્ધિ, અર્થ અને કામ તથા આરોગ્ય અને અભિરતિની પ્રાપ્તિ છે.

નમસ્કારની ક્રિયાથી મહાકરુણાના પ્રવાહ સાથે સંબંધ બંધાય.

જેમ પાણીમાં નાવ તરે અને આગળ વધે,<br>
તેમ તે જીવ તરતો તરતો આગળ વધે છે.

ઊંચે આવેલો જીવ સામાન્ય પ્રયત્નથી વધુ ઊંચે જઈ શકે પણ વધુ નીચે જાય તો તેને ખૂબ અશુભ ચિંતવવું પડે.

'નમો'ના છેલ્લા અક્ષર 'મો'ને ઉલટાવવાથી ઓમ ઓમ્ થાય છે, તેમ નવકારના આખા પ્રથમપદના ઉચ્ચારથી પણ દીર્ઘપ્લુત ઓમના જ દિવ્ય આંદોલનો ઉત્પન્ન થાય છે.

'નમો'માં ત્રાણશક્તિ તથા શરણશક્તિ છે.

'નમસ્કાર સર્વ પાપનો પ્રતિઘાત કરી સર્વ મંગળને મેળવી આપે છે' એ લક્ષ 'નમો + તાણં'માં રહેલો છે.

'અરિહં' મધ્યપદ છે, એટલે
અરિહંતનો નમસ્કાર ત્રાણ અને શરણ આપનારો છે,
એવી ભાવના વારંવાર કરવાથી 'આત્મજ્ઞાન' થાય છે.

આત્મજ્ઞાન માટે સમત્વ પુષ્ટ થવું જોઈએ.

અરિહંતના ધ્યાનથી સમત્વ પુષ્ટ થાય છે.

'ૐ નમો અરિહંતાણં ।'
એ આઠ અક્ષરનો મહામંત્ર
ધર્મધ્યાન અને શુક્લધ્યાનની પુષ્ટિનું કારણ બને છે.

૬૮ અક્ષરનો શ્રી નવકાર મહામંત્ર એ જ્ઞાનમંત્ર છે,
તેનામાં કોઈ પ્રકારનું અનિષ્ટકર તત્ત્વ નથી.

નમસ્કાર એ માતા અને પરમેષ્ઠિ એ પિતા છે.
માતા ઉપર શ્રદ્ધા અને પિતા ઉપર ભક્તિ.
પિતા પરંપરાએ કારણ છે, માતા એ સાક્ષાત્કારણ છે.
નવકાર એ પંચ પરમેષ્ઠિની મંત્રમય મૂર્તિ છે.
નવકાર એ પંચ પરમેષ્ઠિની શબ્દમય પ્રતિમા છે.
નવકારના ૬૮ અક્ષરો એ પંચપરમેષ્ઠિનો શાશ્વત દેહ છે.
આ અક્ષરદેહની આરાધના વડે શું પ્રાપ્ત ન થાય?
નમસ્કાર એટલે અહોભાવ, અર્પણભાવ.
અંતરાત્મભાવનું પરમાત્મભાવને સમર્પણ
એ પંચ પરમેષ્ઠિને સાચો નમસ્કાર છે.
નવકારના પ્રથમ પદ 'નમો અરિહંતાણં'નો અર્થ છે:
મૃત્યોર્માઽમૃતંગમય = મૃત્યુ નહીં, અમરતા પ્રાપ્ત કર.
એ મહાવાક્ય જેવો ગણાય છે,
કારણ કે એ પદમાં આત્મસમર્પણનો ભાવ રહેલો છે.
સંસારીઓમાં કર્તૃત્વાભિમાન ચાલ્યા કરે છે.
એને 'જપ કરવો' નહિ પણ 'જપ થવો' કહે છે.

નમસ્કાર મમકારથી વિરુદ્ધ હોઈ સહજમળનો નાશ કરે છે.
નમસ્કાર સમકારને પોષક હોઈ ભવ્યત્વનો પરિપાક કરે છે.
'સહજમળ' એટલે કર્મના સંબંધમાં આવવાની યોગ્યતા.
'ભવ્યત્વ' એટલે ધર્મના સંબંધમાં આવવાની યોગ્યતા.
નમસ્કારમાં ચેતનનો આદર અને અચેતનનો અનાદર છે.
ચેતનની પૂજા કર્તવ્ય છે, અવજ્ઞા અકર્તવ્ય છે.
નમસ્કારના અભ્યાસથી મોહવિષ ઘટે છે,
ભવની પીડાનો ભય મટે છે અને કર્મરોગ જાય છે.
ભવ્યત્વ સ્વભાવ ધર્મની સાથે સંબંધ કરી આપે છે.
સહજમળ જીવને કર્મની સાથે સંબંધ કરી આપે છે.
ધર્મની સાથે સંબંધ થવાથી સમત્વ વધે છે.
કર્મની સાથે સંબંધ થવાથી મમત્વ ઘટે છે.
સકલશ્રુતમાં નમસ્કાર એ શિરોમણિભૂત તરીકે પંકાય છે.
નમસ્કાર એ મુમુક્ષુજનના કંઠનો હાર છે.
નિર્મળ આત્માઓના માથાનો એ મુકુટ છે.
તે પુણ્યવાન પુરુષોના હસ્તની મૂલ્યવાન મુદ્રિકા છે.

સકલશ્રુતમાં નવકાર એ શિરોમણિભૂત તરીકે પંકાય છે.
નવકારના ઉપકાર અમાપ છે. તે ગુણરત્નોની પેટી છે,
સર્વ દુર્ગુણોને મારે છે, આત્માના સાક્ષાત્કાર તથા
પરબ્રહ્મના મિલન માટે તેનું શ્રવણ, મનન, નિદિધ્યાસન
અહર્નિશ કર્તવ્ય છે. ટૂંકમાં સર્વ શાસ્ત્રોનું આ નવનીત

ભવરાશિ પ્રત્યે સ્નેહસાગરને છલકાવે છે,
વિષયતૃષ્ણા અને કષાયકંદને દૂર કરી દે છે,
કર્મવનને બાળી નાંખે છે અને મોહસાગરને શોષવે છે.
નવકાર એ દુર્ગુણના દૈન્યનો અંત છે.
નિરાલંબ આત્માઓના માથાનો એ મુકુટ છે.

તે ગુણવાન પુરુષોના હસ્તની મહત્વવાન મુદ્રિકા છે.
સમ્યગ્દર્શની, જ્ઞાની, ચારિત્રશીલ આત્માના દૈન્યનો પ્રાણ છે.
તેઓ તેનું સ્મરણ-શ્વાસોશ્વાસની જેમ સદા જતન કરે છે.
આ નવકારને હૃદયમાં સ્થાપવાથી દ્વાદશાંગી હૃદયમાં
સ્થપાઈ જાય છે અને દ્વાદશાંગી હૃદયમાં આવવાથી તેને
કહેનાર વીતરાગ ભગવંત હૃદયમાં આવી જાય છે.

'નમો અરિહંતાણં' પદ વડે સર્વજીવોની આરાધના થાય છે.

મરણાસન્ન જીવને નવકાર સંભળાવવાનો શાસ્ત્રકારોનો આદેશ છે અને તેનાથી ગમે તેવી અશાતામાં પણ જીવને શાંતિ મળે છે, તો પોતાનો જીવ પણ જીવ છે, તો નવકાર ગણવાથી કે સાંભળવાથી તેને પણ શાંતિ મળે જ, આથી નવકારને જીવ સાથે અંતરંગ સંબંધ હોવામાં કારણ બીજું કોઈ નહિ પણ સર્વ જીવોના હિતચિંતક અરિહંતાદિ પરમેષ્ઠિઓ હતાં એ જ છે.

નવકાર = વ્યક્તિ મટીને સામાન્ય થવાની સ્વરૂપ સાધના.

'નમવું' એટલે સામાન્ય બનવું, શૂન્ય થવું નહિ, પોતાની વિશેષતાઓને ભૂલીને બીજાની આગળ કરવી.

નમવું એ સામાન્યની સાધના છે.

એ સાધના જ અસામાન્ય સ્થિતિ આણી આપે છે.

નમવું એ પ્રેમની સાધના છે.

પ્રેમ હંમેશાં પોતાની વિશેષતાઓને ભૂલી જાય છે અને પ્રિયજનની વિશેષતાઓને આગળ કરે છે.

## 'નમો અરિહંતાણં'માં ૪ અતિશયો

નમો અરિ + હંતાણં = અપાયાપગમાતિશય
નમો અરિહં + તાણં = પૂજાતિશય
નમો અરિહંત + આણં = જ્ઞાનાતિશય
{નમો દુર્વારરાગાદિ... = વચનાતિશય
{નમો વીતરાગાણં ઇત્યાદિ = વચનાતિશય

મૈત્ર્યાદિભાવોનું અનુચિંતન ભવનાશકને નક્કર બનાવે અને આ નમસ્કાર મહામંત્ર તેમાં પોલાદી બળ પૂરે છે.

'નમો'માં ન + અ + મ + ઓ

એકાક્ષરી કોષના હિસાબે આ ચારે અક્ષરોમાં
ન = સૂર્યના પ્રકાશક, અ = વિષ્ણુ (સ્થિતિ),
મ = મહેશ - શિવ (વ્યય) અને ઓ = બ્રહ્મા (ઉત્પાદ).

પ્રત્યેક વસ્તુમાં રહેલ ત્રૈતવાળાં આ ત્રણે મૂળ તત્ત્વો જાણી - દેખી શકાય છે. આવી રીતે એકમાત્ર 'નમો'માં ત્રિપદી તથા અ થી મ સુધીના સર્વ અક્ષરો રહેલાં છે. ત્રિપદીને 'ત્રયાતનુ' અથવા 'વેદત્રયી' પણ કહેવાય છે.

અરિહંતને જ નહિ પણ અરિહંતપણાને,
સિદ્ધોને જ નહિ પણ સિદ્ધભાવને પણ,
આચાર્યને જ નહિ પણ આચારપાલનને પણ,
ઉપાધ્યાયને જ નહિ પણ સૂત્રપ્રદાનને પણ,
સાધુને જ નહિ પણ સાધુ ક્રિયાને પણ નમસ્કાર છે.
તે સર્વ પાપનો જ નહિ, સર્વ પાપભાવોનો પણ નાશ કરે છે.
નમસ્કાર એ સર્વ મંગળોમાં પહેલું મંગળ જ નહિ પણ
સર્વ માંગલિક ભાવોમાં પ્રધાન માંગલિક ભાવ પણ છે.
શ્રી નમસ્કારમહામંત્રના પ્રથમ પાંચ પદના
કુલ ૩૫ અક્ષરો ઉલ્ટી રીતે અને
૧૦૮ વાર ગણવાથી બંધનમાં રહેલ માનવ છૂટી શકે છે.
નમસ્કાર મહામંત્રમાં ૩ પ્રકારના પ્રમોદના વિષયભૂત
નમસ્કાર્ય આત્મા - પરમાત્મા છે.
ચૂલિકાના ૪ પદમાં નમસ્કારકર્તા અંતરાત્મા છે.
કરુણાના વિષયભૂત અન્ય જીવો બહિરાત્મા છે.
'નમો' મોક્ષ પ્રત્યે મમતા - સંસાર પ્રત્યે સમતા કેળવે છે.

most Important

'નમો અરિહંતાણં'માં...

'નમો' એ જીવને ન્યાય છે.

'અરિહં' એ શિવને ન્યાય છે.

'તાણં' એ જગતને ન્યાય છે.

'નમો'માં એક સાથે ક્રોધ, માન, માયા, લોભ એ ચારેનો નાશ કરવાની શક્તિ છે. જીવ, જગત અને ઈશ્વરને એક સાથે સમરણ કરવા માટે અને સર્વની ક્ષમા માંગવા માટે નમસ્કારનું પ્રથમપદ પૂર્ણતયા સમર્થ છે.

ભાવધર્મના ૪ અંગો

(૧) રત્નત્રયધરની સેવા.

(૨) રત્નત્રયધરને વિષે અદ્વિતીય ભક્તિ.

(3) સર્વને માટે એક શુભની જ ચિન્તવના.

(૪) ચતુર્ગતિરૂપ, ચાર કષાયરૂપ સંસારની સદા જુગુપ્સા.

ભાવધર્મના આ ચારે અંગો

નમસ્કાર મહામંત્ર વડે વિકસે છે,

તેથી ધર્મના અર્થી જીવમાત્ર માટે તેનું આલંબન અનિવાર્ય છે.

## ચૌદ પૂર્વોમાં નવકાર

'પરમેષ્ઠિ નમસ્કાર સર્વ શ્રુતાભ્યંતર છે' એટલે
નવકાર વિનાનું કોઈ સૂત્ર નથી.
'નવકારપૂર્વક જ સૂત્ર આરાધ્ય બને છે'
એનું તાત્પર્ય એ પણ નીકળે છે કે:
શ્રુત માત્ર નમસ્કારભાવની સિદ્ધિ માટે છે.
શ્રુતનું ફળ ચારિત્ર છે.
તેના અધિકારી થવા ચારિત્રવાનને નમસ્કાર અપરિહાર્ય છે.
ધર્મમાત્રનું ધ્યેય ગુણપ્રાપ્તિ છે.
ગુણોને નમવાથી જ તે ધ્યેય સિદ્ધ થાય છે.
આ નમસ્કાર મહામંત્ર જાપથી વિષય-કષાય દૂર થઈ
મન ઠરે જ અડીખમ બને છે. બ્રહ્માંડના સર્વ સત્ત્વોને
ઉદ્ઘાટીત કરતો આ મંત્ર સફળતા સુધાની ભેટ આપે.
આવો, સૌ નવકારમંત્રને ગણીને સત્ત્વના આ
સુવર્ણકળશનું ઢાંકણ ખોલીએ. નવકારમહામંત્રની સાધના
અંતરબ્રહ્મથી શરૂ થઈ સૌમાં પરબ્રહ્મ પ્રગટ કરશે જ.

V.V. Imp.

આસો વદી ૩, ગુરૂવાર

## નમસ્કારનો પરમાર્થલાભ લાવવા માટે:

(૧) પોતાનામાં રહેલા અગણિત દોષો જોવા જોઈએ.
જો દોષનો લેશ પણ પોતાનામાં દેખાય,
તો ત્યાં સુધી પોતાની જાતને નિર્ગુણી માનવી જોઈએ.

(૨) બીજાનો નાનો ગુણ જોઈને પણ હર્ષ ધારણ કરવો જોઈએ.
ભવચક્રમાં ગુણની પ્રાપ્તિ અતિ દુર્લભ છે,
તેથી બીજાના નાના ગુણને પણ નાનો ન માનતાં
મેરૂ જેટલો મોટો માનવો જોઈએ.

(૩) ભવચક્રમાં ભ્રમણ કરતાં બીજા જીવોને જે ત્રાસ ઉપજાવ્યાં છે, તેનું દુઃખ ધારણ કરવું જોઈએ અને
તેની શુદ્ધિ માટે અંતઃકરણની ક્ષમા યાચીને
પ્રાયશ્ચિત તરીકે બધા જ જીવોનું સુખ ઈચ્છવું જોઈએ.

(૪) બીજા અનેક જીવોએ અજ્ઞાનતાથી પોતાને જે ત્રાસ ઉપજાવ્યાં હોય, તે બધાને ખરા અંતઃકરણથી ક્ષમા આપીને
તેનો બદલો લેવાની વૃત્તિ સદંતર છોડવી જોઈએ.

પોતાના અંતઃકરણપૂર્વક

પોતે આજ સુધી તેની ક્ષમા ન આપી શક્યો, તેનું દુઃખ થવું જોઈએ તથા તેના પ્રાયશ્ચિતરૂપે અપકારી જીવો પણ દુઃખ-દોષ-પાપમુક્ત થાઓ, એવી ભાવના કરવી જોઈએ. પોતાના અપરાધની માફી આપનાર સાધુપુરુષોને જોઈને પોતાના અપરાધીને પણ માફી આપતાં શીખવું જોઈએ. તે ગુણ પ્રગટાવવા ક્ષમાવાન મહાપુરુષોની પ્રાર્થના કરવી.

(૫) વર્તમાન જન્મનાં સૂક્ષ્મ કે ગુપ્ત પાપો પણ

જે ભાવે તે સેવાયા હોય તે ભાવથી

દોષના અભાવ પ્રગટ કરીને નિઃશલ્ય થવું જોઈએ. તે ફરી ન કરવાની બુદ્ધિથી તેની શુદ્ધિ કરવી જોઈએ. આલોચના રૂપી આ તપ અભ્યંતર હોવાથી અત્યંત જ દુષ્કર છે, છતાં તે વિના અભ્યંતર તપના બાર પ્રકારો

તેને યથાર્થ લાભ આપી શકતા નથી,

એટલા માટે સર્વ સાધનાઓની સફળતાના

બીજરૂપ આલોચના - પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થવું જોઈએ.

(૬) સર્વ જીવોનાં દારુણ દુઃખો અને તેનાં કારણરૂપ પાપોને જોઈને હૃદય દ્રવિત થવું જોઈએ. એવી ભાવના સતત સેવવી જોઈએ કે:

'દોષ અને દુઃખથી બધા મુક્ત થાઓ.'

(૭) આરાધક આત્માઓના મૈત્રી ભાવના અભાવનું દુઃખ થવું જોઈએ અને એ અભાવને ટાળવા માટે સર્વદા પંચ પરમેષ્ઠિની પ્રાર્થના ચાલુ રાખવી જોઈએ.

(૮) સર્વ જીવોને સ્વરૂપથી સિદ્ધ સમાન જાણીને તેમના પ્રત્યે પૂજ્યભાવ ધારણ કરવો જોઈએ. દુઃખથી રીબાતા જોઈને તેમના પ્રત્યે કરુણાભાવ ધારણ કરવો જોઈએ. જીવોને નિકાચિત કર્મથી બંધાયેલા જોઈને તેમના સૌ પ્રત્યે માધ્યસ્થભાવ ધારણ કરવો જોઈએ. બધા પોતાની સમાન સુખ-દુઃખની લાગણીવાળા છે, તેથી સૌ પ્રત્યે સહાનુભૂતિ ધારણ કરીને પોતાની જેમ જ 'તેમને સંપૂર્ણ સુખની પ્રાપ્તિ અને સર્વ ક્લેશની નિવૃત્તિ જલ્દીમાં જલ્દી થાઓ' એવી ભાવના કરવી જોઈએ.

નમો - દુષ્કૃતગર્હાવચન

अरिहं - સુકૃતાનુમોદનવચન

ताणं - ચતુઃશરણાગમનવચન

નમો अरि + हंताणं - ધર્મવાદવચન

નમો अरिहं + ताणं - કર્મવાદવચન

નમો अरिहंत + आणं - તત્ત્વવાદવચન

(१) નમો अरिहंताणं ।

(२) નમો अरिहं + ताणं ।

(3) નમો अरिहंत + आणं ।

નવકારના પાંચ પદોમાંથી

આ પહેલાં પદનું સ્વરૂપ ધ્યાનથી જાણવા યોગ્ય છે. 'आणं', 'ताणं' કાંઈ ન જાણું, શિષ્ટ કરે તે 'પ્રમાણ' એમ માનીને કેવળ નમસ્કાર કરવાનો છે.

બીજા નમસ્કારમાં પ્રભુની રક્ષકતાને સંભારવાની છે.

ત્રીજા નમસ્કારમાં ભગવાનની આજ્ઞાને ભાવવાની છે, કેમકે ત્રીજો નમસ્કાર સાક્ષાત્ મોક્ષનું કારણ થાય છે.

બીજા પદમાં તે આત્મા સિદ્ધ - ત્રિકાળાબાધિત છે.
સર્વ જીવોને આત્મરૂપ ગણવાની
ત્રિકાળસિદ્ધ એવા અરિહંતોના આત્માને નમસ્કાર છે.
અહીં આત્માનું સિદ્ધત્વ મુખ્ય છે.
ત્રીજા પદમાં આચારની મુખ્યતાએ આત્માને નમસ્કાર છે.
'અરિહંતોના આત્મા સિદ્ધ છે' એવી શ્રદ્ધા સાથે તેને
આચરણમાં ઉતારવા લાયક છે, તેથી 'આચાર વડે આત્મા
કલ્યાણ કરનારો છે' એવી ભાવના પુષ્ટ થાય છે.
આચારનું પાલન જ્ઞાન વડે પુષ્ટ થાય છે,
તેથી આત્મામાં આસેવન અને ગ્રહણ બંને રહેલાં છે.
તેને સ્પષ્ટ કરવા માટે ચોથું પદ છે.
તે ગ્રહણ-આસેવન શિક્ષારૂપ આત્માને સાધનારા સાધુપુરુષો
લોકમાં જે કોઈ હોય તેને નમસ્કારરૂપ પાંચમું પદ છે.
એ રીતે નવકારના પાંચ પદમાં પ્રભુની આત્મા અને તેનું
સ્વરૂપ સ્પષ્ટ થવાની સાથે તેની સાધના વડે સિદ્ધિ-
પદની પ્રાપ્તિ થાય છે, એ વાત પણ સ્પષ્ટ થાય છે.

નમઈ + તાણં = નમસ્કાર રક્ષા કરે છે.

'નમો' પદ વડે પોતાની જાતનું વિસર્જન કરવામાં આવે છે
તો આખું વિશ્વ તેને સમર્પણ કરવા તૈયાર થાય છે.

નવકારનું પ્રથમ પદ એવો બોધ આપે છે કે:

પોતાની જાતનું અરિહંતમાં વિલીનીકરણ કરવામાં આવે,
ત્યારે અવશ્ય રક્ષણ થાય છે.

'ણમો'માં પશ્ચાનુપૂર્વી ઉચ્ચાર કરતાં 'ૐણ' થાય છે,
તેનો અર્થ: ૐ મિતિ પ્રતિ પદ્યસ્વ નાથ! નાતઃ પરં બ્રુવે।
અર્થાત્: 'હું તારો દાસ છું,'
અર્થ સ્વીકાર કર અને
એ નિશ્ચય જાણું હું કાંઈ માંગતો નથી અથવા
પશ્ચાનુપૂર્વીથી 'ણમો'નું ઉચ્ચારણ કરીને પછી
પૂર્વાનુપૂર્વી ઉચ્ચારણ કરવામાં આવે,
તો ૭ અક્ષરના બદલે ૮ અક્ષરનો નવો મંત્ર બને છે.
'ૐ ણમો અરિહંતાણં' અને 'ૐ ણમો'
એ 'નમઈ'નું સંપુટ બને છે.

'ણમો અરિહંતાણં'ના જાપમાં બે-બે અક્ષરના જોડલા સીધા - ઊંધા બોલાય છે, જેમ કે 'ણમો અરિ હંતા ણં |' શત્રુને હણનારા માટે પૂજ્ય અને તેમ રક્ષણ કરનારાને નમસ્કાર થાઓ એટલે તેમની આજ્ઞા જ મને પ્રમાણભૂત હો. જે મને ભવથી, સ્વાર્થવૃત્તિથી, અહંતા-મમતાથી દૂર કરી આપે તે પ્રથમ, શ્રેષ્ઠ, નિત્ય વૃદ્ધિ પામતું શાશ્વત મંગલ છે.

'ૐ નમઃ સિદ્ધં |' મંત્રનું તાત્પર્ય છે કે:

સિદ્ધમાત્રને નમસ્કાર હો અથવા

નમસ્કાર એ જ સિદ્ધિનો મહામંત્ર છે.

સર્વ જીવમાત્ર સિદ્ધસ્વરૂપ છે, એમ નહિ પણ સર્વજ્ઞ ભગવંતના શાસનમાં સિદ્ધ છે તે તમામ ભાવો, પદાર્થો, કાર્યોને નમસ્કાર એટલે અનુકૂળ રહેવું તે. આ મંત્ર વડે અદ્ભુત રીતે મન-પ્રાણ-આત્માની એકતા સધાય.

લક્ષ નવકાર તીર્થંકર પદ આપે.

લક્ષના બે અર્થ : એક તો લાખની સંખ્યા અને બીજો અર્થ લક્ષ્યપૂર્વક - એકાગ્રતાપૂર્વક જાપ કરવા.

શ્રી નમસ્કાર મહામંત્રમાં...

અરિહંત એ પૃથ્વીતત્ત્વ છે - ક્ષાન્તિ.

સિદ્ધ એ જલતત્ત્વ છે - પ્રસન્નતા.

આચાર્ય એ અગ્નિતત્ત્વ છે - યોગ.

ઉપાધ્યાય એ વાયુતત્ત્વ છે - નિઃસંગતા.

સાધુ એ આકાશતત્ત્વ છે - અલિપ્તતા.

'નમો' મંત્રની સાથે દયા-ક્ષમાની ભાવના ઝળહળવી જોઈએ. દયાદિ દુઃખપ્રવાહ અને ક્ષમાદિ પાપપ્રવાહ ઈચ્છા અંત થાય. એ બેની સાથે પ્રભુનામ લેવામાં આવે, ત્યારે સ્વદુઃખપ્રવાહ આપોઆપ બંધ છે. તે જ મોટું મંગળ છે.

'નમો' પદ પંચપરમેષ્ઠિ સાથે અને મનમાં શિવમસ્તુની ભાવના સર્વ જીવો સાથે સંબંધ કરાવી આપે છે.

પરમેષ્ઠિનો સંબંધ ધર્મવૃદ્ધિ કરાવે છે.

જીવોનો સંબંધ પાપ ઉપર પ્રતિબંધ મૂકાવે છે.

°

'ખામિ' અને 'નામિ' એ શ્રી જિનશાસનનો સાર છે.

## સાધનાનું ગાન - નવકારમંત્ર

દ્વેષભાવની જેમ રાગભાવ પણ સ્નેહભાવથી જ જાય છે.
એટલા માટે જ જીવમાત્ર પ્રત્યે
સ્નેહભાવ વિકસાવવો એ જ સાધનાનું ગાન છે.
તે માટે મોટામાં મોટો મંત્ર હોય, તો તે નવકારમંત્ર છે.
'નમો અરિહંતાણં' પદમાં અરિભાવ એ દ્વેષભાવ છે અને
તેને હણનારા એવા સર્વ અરિહંતોને તેમાં નમસ્કાર છે.

'અરિહં' પદ સૂચવે છે કે:

'અરિહંત' એ સ્નેહભાવનું પ્રતીક છે.

'અરિહં'માં સકલવિશ્વ પ્રત્યે સ્નેહભાવ ધારણ કરનારને
નમસ્કાર છે. સ્નેહભાવથી તેઓ ત્રણ ભુવનને પૂજ્ય છે.
એ સ્નેહભાવ નમસ્કાર કરનારને રાગરહિત બનાવે છે.
'રાગરહિત' એટલે ઇચ્છારહિત, તૃષ્ણારહિત, વાસનારહિત.
સર્વ પ્રત્યેના સ્નેહથી વાસના શાંત થાય છે,
તે હકીકત અરિહંત પદ જણાવે છે.
સઘળા શત્રુઓને જેઓએ જીતી લીધા, તે 'અરિહંત' છે.

શ્રી નવકારમંત્ર એ પરમાત્માને માત્ર જાણવાનું જ નહિ,
પણ જાણીને આદર કરી, બહુમાન બતાવવાનું સાધન છે.
પરમાત્માને અને તે દ્વારા પોતાના શુદ્ધાત્માને ઓળખવો
એ સકલ આગમોનું, વેદોનું, શાસ્ત્રોનું રહસ્ય છે.

## નમસ્કારનો પદાર્થ

મંત્રજાપની સાથે અર્થભાવના ભાવો, ત્યારે તે અંતરાયનો
ક્ષય અને અંતરાત્મભાવની પ્રાપ્તિ કરાવનાર થાય છે.
નમસ્કાર એ મહામંત્ર છે, તેથી તેના અક્ષરોના જાપની
સાથે તેના અર્થની ભાવના પણ અવશ્ય હોવી જોઈએ.

## ...તો નમસ્કારનો અર્થ શો?

નમસ્કારનો એક અર્થ પૂજા છે તથા,
નમસ્કારનો બીજો અર્થ પ્રશંસા છે.
પૂજા દ્રવ્ય - ભાવ ઉભયવિધ છે.
દ્રવ્યપૂજા તનની ક્રિયારૂપ - ભાવપૂજા મનના વ્યાપારરૂપ છે.
ભાવસંબંધ અને નમસ્કારભાવ એ બન્ને એક જ છે.
તે આપણને 'પર'માં - 'પર'ને આપણામાં લાવે છે.

# નવકાર મંત્રનું પ્રયોજન

અનાદિથી લોકમાં અલોકનો અને અલોકમાં લોકનો જે
અધ્યાસ થાય છે, તેને પલટીને લોકમાં લોકનો, અલોકમાં
અલોકનો સુદૃઢ બોધ - અધ્યાસન રમણતા મેળવવા તે.
આ નવકારમંત્ર એ પરમાત્માને માત્ર જાણવાનું જ નહિ,
પણ જાણીને આદર કરી બહુમાન બતાવવાનું સાધન છે.
પરમાત્માને અને તે દ્વારા પોતાના શુદ્ધાત્માને ઓળખવો
એ સકલ આગમોનું, વેદોનું, શાસ્ત્રોનું રહસ્ય છે.

ૐ નમો અરિહંતાણં।

એ ૮ અક્ષરના મહામંત્રના અર્થની ભાવના
મિત્તી મે સવ્વ ભૂએસુ । મંત્રના ૮ અક્ષરમાં છે.
નવકારમાં મહાવીરની પૂજા નહિ પણ ભગવદ્ભક્તિ છે.

સકલ જીવલોકનું કલ્યાણ કરવું
એ પરમેષ્ઠિ ભગવંતોને સ્વભાવરૂપ બની ગયું છે.

પંચ પરમેષ્ઠિનો એ સ્વભાવ
એમના નામ-રૂપ-દ્રવ્ય-ભાવ એ ચારેમાં અવતરે છે.

## નમવું શા માટે અપરિહાર્ય ?

જિનશાસનનું તત્ત્વજ્ઞાન શીખવે છે કે
જીવોને નહિ પણ કર્મને અપરાધી માનવા.
તત્ત્વજ્ઞાનનો સાર ખમવું અને ખમાવવું તે છે.
આચારધર્મનો સાર શમવું અને શમાવવું છે.
'દુષ્કૃતને ગર્હવું અને સુકૃતને અનુમોદવું'
એ જ જિનશાસનના તત્ત્વજ્ઞાનનો નિચોડ છે.
ગુણ પામવા માટે નમવું જેમ અનિવાર્ય છે,
તેમ અપરાધને ખમવા માટે પણ નમવું અપરિહાર્ય છે.
નમસ્કારમાં શબ્દો છે, તે મંત્રરૂપ છે. તે દેવાધિષ્ઠિત છે.
નમસ્કારમાં શબ્દ અને તેના સર્વશ્રેષ્ઠ અર્થની સાથે એક
ત્રીજી વસ્તુ તે નમસ્કારની ક્રિયા છે. એ ધ્યાનક્રિયા છે.
શબ્દોના ઉચ્ચારણ સાથે બુદ્ધિમાનને તેના વાચ્યનું સ્મરણ થાય.
વાચ્ય પંચપરમેષ્ઠિ છે.
અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ - એ સર્વ
નમસ્કારભાવની આરાધનાથી જ પંચપરમેષ્ઠિ બન્યાં છે.

## ત્રણે કાળ અને સર્વ ક્ષેત્રોમાં નવકારનું માહાત્મ્ય

નવકારના પહેલા પાંચ પદમાં રહેલા પાંચેપાંચ પરમેષ્ઠિઓ ચાર નિક્ષેપાથી ત્રણે કાળ અને ચૌદ રાજલોકમાં પોતાના સ્વભાવથી સર્વનું કલ્યાણ કરી રહેલા છે.

છેલ્લા ચાર પદમાં તેમને નમસ્કાર કરનારા ચારે ગતિના સમ્યગ્દૃષ્ટિ જીવો, ધ્યાતા - ધ્યેયસ્વરૂપ બને એ ન્યાયે આગમથી ભાવનિક્ષેપે પરમેષ્ઠિરૂપ બનીને તે સકલ પાપના વિધ્વંસક તથા સકલ મંગલના ઉત્પાદક બને છે. નવે પદોમાં અરિહંતોનું તેજ વિલસે છે, કોઈમાં સાક્ષાત્, કોઈમાં પરંપરાએ. નોઆગમથી તે તેજ પરમેષ્ઠિઓમાં સાક્ષાત્ છે, આગમથી સાક્ષાત્ તેમને નમસ્કાર કરનારમાં છે. એથી ઉભય અપેક્ષાઓને એકસામટી લેવામાં આવે, તો નવે પદોમાં અને ત્રણે ભુવનોમાં એક અરિહંતોનું તેજ કે અરિહંતોનો પ્રભાવ વિલસી રહ્યો છે. અરિહંતો, પછી તે ત્રણે કાળના અને સર્વ ક્ષેત્રોના હો પણ જાતિથી એક છે, તેથી 'એકનો જ પ્રભાવ સર્વમાં છે' એ વાક્ય સત્ય છે.

બિન્દુનાદ એ નાદાનુસંધાન છે.

'નમો અરિહંતાણં'માં છેલ્લે બિન્દુ હોવાથી નાદ થાય,
પરંતુ તે નાદ ૭ આંકડાના ગૂઢાર્થને ભેદવો જ મુશ્કેલ પડે.
આટલું અઘરું કાર્ય કોઈ કરી શકે, તો ફળ જરૂર મળે છે.

અર્હંકાર અને ઓંકાર પરશબ્દ તરીકે ઓળખ છે.

'ણમો'ના સ્થાને 'નમો' પણ બોલાય છે,
કિન્તુ તેથી અર્થમાં ફરક પડતો નથી.

નમો = નમન = નમસ્કાર = વંદન એ અર્થ સમાનાર્થી છે.
વિશિષ્ટ અર્થમાં તેનું અંતિમ પરિણામ જે નમસ્કાર્ય છે,
તેના ધ્યાનમાં વિલીન થવું, ધ્યાનમાં ખોવાઈ જવું, સર્વસ્વ
સમર્પિત થઈ જવું, હું અને મારું એ તદ્દન ભૂલાઈ જવું.
હું તો Embodiment માત્ર છું.

જે જડ છે, તેમાં પોતે જે
આત્મતાનું આરોપણ કર્યું છે, તેનું વિસર્જન કરવું.
શબ્દબ્રહ્મ માટે ત્રણ stages છે:
(૧) વાંચન (૨) અર્થ (૩) તદ્રુપ.

'નમો'નું ઉચ્ચારણ એ વ્યંજનરૂપ છે.
'મો'નો ઉચ્ચાર દીર્ઘ-પ્લુત વૈખરીથી કે માનસથી કરવાનો છે.
તેનું પરિણમન મધ્યમામાં થઈ પશ્યંતી સુધી થાય,
ત્યાં સુધી ભાન consciousness રહે છે.
પછી વાણીનો ઉગમ પરા - જે અતીન્દ્રિય છે,
તેના મૂળમાં તે શબ્દ વિલીન થાય છે.
જ્યાંથી ઉત્પત્તિ, ત્યાં જ એકાકાર થાય છે,
એટલું ભાન આપણને રહે છે.
V.V. Imp. એ રીતે complete surrender
એ જ 'નમો' પદનું તાત્પર્ય છે.
નવકાર મંત્રના પ્રથમ પદમાં મુખ્ય બે શબ્દો છે:
'નમો' અને 'અરિહંતાણં'.
તેમાં કર્તા હું - એવું કાંઈ નથી.
વાક્યમાં કર્તા, કર્મ અને ક્રિયાપદ જોઈએ, પરન્તુ
સાધનામાં કર્તા અને કર્મ જતાં ફક્ત ક્રિયા જ રહે.
...અને ત્યારે જ ખરી અધ્યાત્મસાધના થઈ કહેવાય.

'નમો'નું ઉચ્ચારણ જ ક્રિયાવાચક હોઈ,

કોઈ શ્રેષ્ઠ વ્યક્તિને કે પોતાના શુદ્ધાત્માને યાદ કરાવે છે.

'અરિહંતાણં' ગુણવાચક છે.

જેમાં એ ગુણ હોય તેવા અનંતાનંત વ્યક્તિ હોઈ શકે છે.

નમસ્કાર ક્રિયાની પ્રાપ્તિ પછી

'તે ગુણ પોતાનામાં આવે અર્થાત્ કૃતકૃત્યતા થાય'

તે તરફનું લક્ષ્ય હોવું જોઈએ.

સતત એવી ઝંખના જોઈએ કે 'મારે અરિહંત થવું છે.'

Central Point તે જ છે.

જાણીના ચારે પછી તેમાં અને

તે ગુણ એક 'નમો'માં જ સમાય.

'નમો' પ્રભાવમાં સમાય અને

પ્રભાવ પ્રભુમાં કે શુદ્ધાત્મામાં મળી જાય છે.

એ તદ્રુપતા જ અંતિમ સાધ્ય છે.

એમાં ઉચ્ચાર, વિચાર અને આચાર ત્રણે મળી જાય છે.

'નમો'થી મમ જાય છે અને સમ પ્રગટે છે.

જ્યારે મોત દેખાય, ત્યારે
મનુષ્યએ એક ક્ષણ માટે પણ અસાવધ રહેવું ન જોઈએ.
નેત્રો બંધ કરી, ચિત્તની સમગ્ર વૃત્તિઓને કેન્દ્રિત કરી
તેણે નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં નિમગ્ન થવું જોઈએ.

નમો । negative = Passive છે.

અરિહંતાણં । Positive = Active છે.

નમસ્કાર = સમ્યક્ત્વ. સામાયિક = અષ્ટપ્રવચનમાતા.

શ્રી અરિહંતને નમવું એ શત્રુતાનાશને અને મિત્રતાના
ભાવને નમવા બરાબર છે. જગતનો શત્રુ-જગતનું દુષ્ટ
સ્વપ્ન - શત્રુતાભાવ છે. તેનું દમન કરે તે અરિહંત છે.

'નમો અરિહંતાણં ।'

એ મહામંત્ર છે, કેમકે તેમાં અરિહંતત્વને નમન છે.
અરિહંતત્વના બે અર્થ છે: પરમ મિત્રતા વડે શત્રુતાને
હણનાર અને જગતમાત્રનું હિતચિંતન કરીને ઉત્કૃષ્ટ
વૃત્તિઓ વડે ત્રિભુવનપૂજ્ય બનનાર તથા ભવ્યત્વના બળે
સચરાચર સૃષ્ટિના ઉપકારી બનનાર ત્રિભુવનના પતિ.

## મૂળમંત્ર યા મહામંત્ર

નવકાર ચૌદ પૂર્વનો સાર છે. તે શ્રુતજ્ઞાન સમસ્તનું રહસ્ય છે, તેનું કારણ શું? જેનું શિક્ષણ જ નમસ્કારથી મળે છે, તેથી કૃતજ્ઞતા ગુણ એ સર્વ ગુણોનું મૂળ છે. કૃતજ્ઞતાગુણને ઉત્પન્ન કરનાર પરોપકારગુણ છે. પરોપકાર સૂર્યના સ્થાને છે, કૃતજ્ઞતા ચંદ્રના સ્થાને છે.

ચંદ્રનો પ્રકાશ સૂર્યમાંથી મળે છે.

ધર્મનો પાયો = જેનાથી ઉપકાર થાય, તેને કૃતજ્ઞ રહેવું તે.

એટલું જ્ઞાન મૂળમાં શીખવવા માટે

નમસ્કારને મૂળમંત્ર યા મહામંત્ર કહ્યો છે.

નવકાર વિના તપ, ચારિત્ર, શ્રુત વગેરે સૌ નિષ્ફળ છે.

કૃતજ્ઞતા વિના સઘળી આરાધના નિષ્ફળ છે.

કૃતજ્ઞતાગુણ એ સર્વ સદ્‌ગુણોનું મૂળ છે.

'ચારિત્ર વિના મોક્ષ નહિ' એનો અર્થ

જીવરાશિ પ્રત્યે સ્નેહના પરિણામ વિના મોક્ષ નહિ.

સદાચારનું મૂળ સ્નેહનો પરિણામ છે.

## ૧૦૮ વાર પ્રભુનામ શા માટે?

દિવસના શ્વાસોચ્છ્વાસ ૨૧૬૦૦ છે.
મિનીટના ૧૫ શ્વાસોચ્છ્વાસ લેખે ૨૧૬૦૦ થાય છે. હૃદય મિનીટમાં ૭૫ વાર અને ૧ શ્વાસમાં ૫ વાર ધબકે છે.
હૃદયના ધબકારા ૨૧૬૦૦ x ૫ = ૧,૦૮,૦૦૦ થાય છે.
તેનો ૧૦૦૦મો ભાગ = ૧૦૮.
એટલે ગૃહસ્થને બાહ્ય જવાબદારીઓના કારણે ઓછામાં ઓછા ૧૦૮ વાર પ્રભુનામ લેવાનું વિધાન છે.
નમોર્હદ્ મંત્ર સહાય અને મંત્ર અશુભથી બચાવે છે, અરિહં પ્રમોદ અને કરૂણાનું પ્રતીક છે, જે શુભમાં જોડે છે. તાણાં માઇન્ડસેટ સાથે આવે છે અને માઇન્ડસેટ શુદ્ધમાં લઈ જાય છે.


## સિદ્ધનું સુખ કેવું હોય?

સર્વ શત્રુક્ષય, સર્વ રોગાવિલય, સર્વ અર્થસંયોગ અને સર્વ ઇચ્છાઓ પૂર્ણ થાય, તેથી જે સુખ મળે, તેનાથી અનંતગણું અધિક સુખ સિદ્ધભગવંતોને સર્વદા હોય છે.

# નવકાર પદ

મંગલમય છે નામ મહામંત્રનું, આપે છે આરામ...
સર્વ જીવોને સુખ દેનારું, અંતરનાં તિમિર હરનારું,
પાપીઓ પાપીઓ દીન દુઃખિયાને આપે કરી વિશ્રામ. - ૧
સુરવર મુનિવર કીર્તન કરતાં, નામ લઈ ભવસાગર તરતાં
ભક્તિભાવે ગુંજન કરતાં, જાગે આતમરામ. - ૨
તારા નામનો મહિમા ભારી, તારું નામ સદા ઉપકારી,
તારા નામે શાતા પામે, જગનાં જીવ તમામ. - 3
જપી લે શ્રી નવકાર... હે માનવ૦
રાત - દિવસ તારો ફોગટ જાયે, કર નવકારનું ધ્યાન.
તારક છે જગમાં એ સુકાની, ગાઓ એનાં ગુણગાન.
હૃદયકમલમાં એને પધરાવો, પામો તેમાં ગુલતાન.
ભવસાગરથી પાર કરાવે, જપી લે થઈ મસ્તાન.

નમસ્કાર સમો મંત્ર, શત્રુંજય સમો ગિરિ;
વિતરાગ સમો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ.



'નમો'થી પોતે શુન્ય છે, એવો સ્વીકાર થાય છે.
મહામંત્રમાં સર્વ પાપનો નાશ કરવાની શક્તિ છૂપાયેલી છે,
માત્ર મનનની એકાગ્રતા તેમાં સાધવી જોઈએ.




સુખ એ પુણ્યનું ફળ અને દુઃખ એ પાપનું પરિણામ છે.
મહામંત્ર પોતે પુણ્ય ઉપાર્જન કરવાની અને
પાપક્ષય કરવાની અચિંત્ય શક્તિ ધરાવે છે.

www.fiestadesigns.in